dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 81 | AD - 2024, Magashirsha Vad - 09 | Tuesday, Dt.24-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## પંજાબના ગુરદાસપુરમાં પોલીસ ચોકી પર ગ્રેનેડ ફેંકનાર

# યુપીના પીલીભીતમાં એન્કાઉન્ટરમાં ત્રણ ખાલિસ્તાની આતંકવાદીઓ ઠાર

ગુરદાસપુર,તા.૨૩

પંજાબના ગુરદાસપુરમાં પોલીસ ચોકી પર ગ્રેનેડ ફેંકનાર ત્રણ આતંકવાદીઓ ઉત્તર પ્રદેશના પીલીભીતમાં પોલીસ સાથેની અથડામણમાં માર્યા ગયા છે. આજે સવારે ત્રણ ગુનેગારો અને ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસની સંયુક્ત ટીમ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. પોલીસે તેમને પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગુનેગારોએ ગોળીબાર કર્યો. સૂત્રોએ જણાવ્યું હતું કે આતંકવાદીઓની ઓળખ ગુરવિંદર સિંહ પુત્ર ગુરુદેવ સિંહ, ઉંમર આશરે ૨૫ વર્ષ, રહેવાસી મોહલ્લા કલાનૌર, પોલીસ સ્ટેશન કલાનૌર, જિલ્લો ગુરદાસપુર, પંજાબ, વિરેન્દ્ર સિંહ ઉર્ફે રવિ પુત્ર રણજીત સિંહ ઉર્ફે જીતા, ઉંમર આશરે ૨૩ વર્ષ, ગામ અગવાન પોલીસ સ્ટેશન કલાનૌર, જિલ્લાનો રહેવાસી. ગુરદાસપુર, પંજાબ, જસન પ્રીત સિંહ ઉર્ફે પ્રતાપ સિંહ ઉંમર આશરે ૧૮ વર્ષ ગામ નિક્કા સુર, પોલીસ સ્ટેશન કલાનૌર, પંજાબ તરીકે કરવામાં આવી છે તેમની પાસેથી બે એકે સિરીઝની રાઈફલ અને ઘણી ગ્લોક પિસ્તોલ મળી આવી છે. આ એન્કાઉન્ટરમાં બે કોન્સ્ટેબલ પણ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. પંજાબ પોલીસે કહ્યું છે કે ત્રણેય ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના પાકિસ્તાન પ્રાયોજિત મોડ્યુલનો ભાગ છે. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'આ આતંકવાદી મોડ્યુલ પંજાબના સરહદી વિસ્તારોમાં પોલીસ મથકો પરના ગ્રેનેડ હુમલામાં સામેલ છે,' અને મોડ્યુલના ત્રણ સભ્યો ગુરદાસપુરમાં પોલીસ ચોકી પરના ગ્રેનેડ હુમલામાં સામેલ છે. તેમણે કહ્યું, 'સમગ્ર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવા માટે તપાસ ચાલી રહી છે. પોલીસ



અધિકારીએ જણાવ્યું કે, 'આજે સવારે ગુરદાસપુર પોલીસ યુપીના પુરનપુર પોલીસ સ્ટેશનમાં આવી અને માહિતી આપી કે તેમને ૩ ખાલિસ્તાની આતંકવાદીઓની હાજરીની માહિતી મળી છે, જેમણે તેમના પોલીસ સ્ટેશન પર ગ્રેનેડથી હુમલો કર્યો હતો. આ માહિતીના આધારે, પોલીસ અધિકારીએ કહ્યું કે, ઉચ્ચ કક્ષાએથી જ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી અને પુરનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. 'એવા યુવકો છે જેમની પાસે શંકાસ્પદ વસ્તુઓ છે અને તેઓ પીલીભીત તરફ જોખમી રીતે બાઈક ચલાવી રહ્યા છે.' તેમણે આગળ કહ્યું, 'આના પછી તરત જ પંજાબ પોલીસ અને અમારી ટીમે તેમનો પીછો કર્યો. બીજી તરફ ગજરૌલા પોલીસ સ્ટેશન અને મધોટાંડા પોલીસ સ્ટેશનને પણ પુરનપુરના સંભવિત માર્ગો વિશે જાણ કરવામાં આવી હતી. આ માર્ગ પર પીલીભીત અને પુરનપુર વચ્ચે એક પુલ છે ત્યાંથી તેઓ કેનાલના પાટા પર ઉતર્યા અને પોલીસ પર ફાયરિંગ શરૂ કર્યું, આ હુમલામાં ત્રણેય આતંકીઓ ઘાયલ થયા, જ્યાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યાં મૃત્યુ પામ્યા હતા'. તમને જણાવી દઈએ કે પંજાબના ઘણા પોલીસ સ્ટેશન ખાલિસ્તાની આતંકવાદીઓના નિશાના પર છે. પંજાબમાં પોલીસ સ્ટેશનો પર હુમલામાં બબ્બર ખાલસા આંતરરાષ્ટ્રીય આતંકવાદીઓ હેપ્પી પેન્સિયા અને જીવન ફૌજી સામેલ હોઈ શકે છે. એનઆઈએએ થોડા દિવસો પહેલા પંજાબ પોલીસને આપેલા સ્ટેટસ રિપોર્ટમાં પોલીસ સ્ટેશનો પર હુમલાની ચેતવણી આપી હતી. આ રિપોર્ટ ખાલિસ્તાની આતંકવાદીઓની પૂછપરછ, તેમના ઓવરગ્રાઉન્ડ વર્કર અને દરોડામાં મળી આવેલા ડિજિટલ પુરાવાના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. એનઆઈએએ પોતાના રિપોર્ટમાં કહ્યું કે ૧૯૮૪ની જેમ ખાલિસ્તાની આતંકવાદીઓ ડેડ ડ્રોપ મોડલ હેઠળ પંજાબમાં પોલીસ સ્ટેશનોને નિશાન બનાવી રહ્યા છે. ડેડ ડ્રોપ મોડલમાં, કોઈપણ ઈમારત અથવા વ્યક્તિને નિશાન બનાવવા માટે, આતંકવાદી સંગઠનો તેમના સંદેશાઓ તેમના ઓવરગ્રાઉન્ડ વર્કર્સ સાથે મેમરી ચિપ, પેનડ્રાઈવ અથવા ડિજિટલ ચિપ દ્વારા શેર કરે છે, જે લક્ષ્ય અને વિસ્ફોટકોનું સ્થાન જણાવે છે. તાજેતરમાં, સર્ચ દરમિયાન, એનઆઈએએ આવી ઘણી ડિજિટલ ચિપ્સ અને પેનડ્રાઈવ્સ રિકવર કરી છે. તેના આધારે આ સ્ટેટસ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. છેલ્લા એક મહિનામાં પંજાબમાં અલગ-અલગ પોલીસ સ્ટેશન અને ચોકીઓ પર હુમલા થયા છે, જેમાં આ ડેડ ડ્રોપ મોડલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડેડ ડ્રોપ મોડલ દ્વારા આતંકવાદીઓના કાવતરાને પકડવા એ તપાસ એજન્સીઓ માટે મોટો પડકાર છે. આ મોડેલ દ્વારા, આતંકવાદી સંગઠનો મોટાભાગે નવા છોકરાઓનો ઉપયોગ કરે છે, જેમને વિદેશમાં લલચાવીને પૈસા આપવામાં આવે છે.






## બિહારમાં પૂર્ણિયાના ડોકવા ગામે દારૂડીયાએ ૧૩ને કચડ્યા, પાંચના મોત

### દારૂડીયાને ટોકતા પીકઅપ વાન લોકો પર ચલાવી દીધી

પૂર્ણિયા,તા.૨૩

બિહારમાં પૂર્ણિયાના ડોકવા ગામમાં એક ખૂબ જ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં દારૂના નશામાં એક યુવકે પીકઅપ વાન વડે અનેક લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ૫ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા, જ્યારે ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોમાંથી બેની હાલત નાજુક હોવાનું કહેવાય છે, જેમને સારવાર માટે માયાગંજ રીફર કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, ડોકવા ગામમાં અરુણ મુનિ દારૂના નશામાં તોફાન કરી રહ્યો હતો. આ માટે ગામના કેટલાક લોકોએ તેને ઠપકો આપ્યો અને તેને અહીંથી ચાલ્યા જવા કહ્યું હતું. આ બાબતે વિવાદ વધી ગયો અને અરુણ ત્યાંથી પોતાના ઘરે ગયો. ઘરે પહોંચ્યા પછી, તેણે પીકઅપ વાન ચાલુ કરી અને પૂરપાટ ઝડપે લઈ આવ્યો. આ દરમિયાન તે રસ્તાના કિનારે જે મળ્યું તે કચડીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

તેણે ડઝનેક લોકોને કચડી નાખ્યા હતા. જેમાં બાળકો અને વૃદ્ધોનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ૫ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા, જ્યારે ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમને હોસ્પિટલમાં દાખલ કરેલ છે.












## આરટીઆઈમાં ખુલાસો : કેન્દ્ર સરકારના ૮૦ વિભાગોમાં ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ અધિકારીઓની ૯.૫૬ લાખ જગ્યાઓ ખાલી

ભોપાલ,તા.૨૩




મધ્યપ્રદેશના આરટીઆઈ કાર્યકર્તા ચંદ્રશેખર ગૌરે માહિતી અધિકાર કાયદા હેઠળ માંગેલી માહિતી મુજબ દેશના ૮૦ કેન્દ્રીય વિભાગોમાં ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ અધિકારીઓની ૯.૫૬ લાખ જગ્યાઓ ખાલી છે. જેમાંથી છ ગ્રેડના અધિકારીઓની ૩૧,૬૯૪ હજાર જગ્યાઓ ખાલી છે. જ્યારે ભારતીય સેના જેવા સંવેદનશીલ વિભાગમાં તમામ અધિકારીઓ સહિત ૨.૪૩ લાખ જગ્યાઓ ખાલી છે. કેન્દ્ર સરકારે ૧ માર્ચ, ૨૦૨૩ સુધી કુલ મંજૂર પોસ્ટ્સ અને હાલમાં કાર્યરત અધિકારીઓ વિશે આ માહિતી આપી છે. રેલવે, રેવન્યુ અને હેલ્થ મિનિસ્ટ્રીમાં પણ અધિકારીઓની અછત છે. જેના કારણે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવતી યોજનાઓના અમલીકરણમાં સમસ્યા સર્જાય છે. બીજી તરફ ઈસરો એક પછી એક નવા પ્રોજેક્ટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. હવે ઈસરોનું ધ્યાન ચંદ્રયાન મિશનને વધુ આગળ લઈ જવા પર છે. જ્યારે જગ્યામાં જ છ ગ્રેડના અધિકારીઓની ૧૨૫૧ જગ્યાઓ ખાલી છે. અવકાશ મંત્રાલયમાં તમામ કેડર સહિત ૩૮૮૬ પોસ્ટ ખાલી છે. કોવિડ દરમિયાન સમગ્ર દેશ માનવશક્તિની અછત સાથે સંઘર્ષ કરી રહ્યો હતો. હવે નોન-કોવિડ સમયમાં પણ કેન્દ્ર સરકાર આ જગ્યાઓ ભરી રહી નથી.







**સ્વામિનારાયણ મંદિર (પાણી દરવાજા) અમરેલી ધામ દ્વારા**

# પંચદશાબ્દી મહોત્સવનો ધામધૂમથી થયો પ્રારંભ

અમરેલી, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલી દ્વારા પંચદશાબ્દી મહોત્સવનો ધામધૂમથી પ્રારંભ થયો હતો. મહોત્સવના પ્રથમ દિવસે પોથીયાત્રા શહેરના રાજમાર્ગ પર નીકળી હતી. ધામે ધામથી પધારેલ સંતો તેમજ વિશાળ સંખ્યામાં પુરૂષભકતો તેમજ સ્ત્રીભકતો, બાળકો, યુવાનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા. ડીજેના સથવારે સમગ્ર વાતાવરણ પ્રભુમય-ભકિતમય બન્યુ હતું. શોભાયાત્રામાં વિશાળ બાઈક રેલી, શણગારેલ ટ્રેક્ટરો અને અમરેલી મહિલા મંડળ દ્વારા વિવિધ વેશભૂષાઓથી ભારતીય ગ્રામ્ય



સંસ્કૃતિ અને ભકિતભાવના દર્શન થયા હતા. પંચદશાબ્દી



કથા પારાયણનાં બીજા દિવસે અમરેલી અંધશાળાનાં બાળકોને આમંત્રિત કરી પ્રભુપ્રસાદનાં ભાગીદાર બનાવ્યા હતા. રાત્રિ



કાર્યક્રમમાં સત્સંગસભાનાં વકતા વિવેકસ્વરૂપદાસજી સ્વામીનાં શ્રીમુખે કથામૃત તથા સુપ્રસિધ્ધ કલાકાર દિપક તલસાણીયાનાં કંઠે રાસોત્સવનું આયોજન કરાયું હતું. આ કથા પ્રસંગે સારહિ ગૃપનાં મુકેશભાઈ સંઘાણી પરીવાર, ભગીરથભાઈ ત્રિવેદી, તુષારભાઈ જોષી, સુરેશભાઈ શેખવા, ભ્રમિતસિંહ ચૌહાણ, શૈલેન્દ્રસિંહ ચૌહાણ સહિત હરીભકતો બહોળી સંખ્યામાં ઉપ સ્થિત રહ્યાં હતા.

## જાફરાબાદના ફાચરીયા ગામના યુવકને ત્રાકુડા ગામના યુવકે ફડાકા ઝીંક્યા

**આરોપીએ યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી હતી**

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદના ફાચરીયા ગામે રહેતા એક યુવકને ત્રાકુડા ગામના યુવકે બે થી ત્રણ ફડાકા ઝીંકીને શરીરે મુંઢ ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે રમેશભાઈ ઉર્ફે રણુભાઈ ભીલ (ઉ.વ.૪૦)એ હેમરાજભાઈ જીવાભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ ત્રણ-ચાર ઝાપટો મારીને મુંઢ ઈજા પહોંચાડી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## તાજપરથી ભીંગરાડ ગામને જોડતા નવા સી.સી.રોડ માટે સરકારે ૭૦ લાખ મંજૂર કર્યા

**લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ રસ્તા માટે સરકારમાં રજૂઆત કરી હતી**

લાઠી, તા.૨૩

બાબરા-દામનગર વિધાનસભા મત વિસ્તારના તાજપરથી ભીંગરાડ જવાના માર્ગને રૂ. ૭૦ લાખના ખર્ચે સી.સી. રોડ બનાવવા માટે સરકારે મંજૂરી આપી છે. આ નવો રોડ બનાવવા માટે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સરકારમાં રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૨૪/૨૫



હેઠળ તાજપરથી ભીંગરાડ જવાનો સી.સી.રોડ બન્યા પછી તાજપર, રામપર, ભુરખીયાના લોકોને ભીંગરાડ તરફ જવામાં સરળતા રહેશે. આ વિકાસ કાર્યને લઈને તાજપર અને ભીંગરાડ ગામના લોકોમાં ખુશી વ્યાપી છે. લોકોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની કામગીરીને બિરદાવી છે.

## અમરેલી શહેરમાં પરિણીતાએ બીમારીથી કંટાળી ગળાફાંસો ખાધો

**છેલ્લા બે વર્ષથી માનસિક બીમારીને કારણે માથાનો દુઃખાવો થતો હતો**

અમરેલી, તા.૨૩

અમરેલીમાં રહેતી એક પરિણીતાએ બીમારીથી કંટાળીને ગળાફાંસો ખાધો હતો. સંજયભાઈ પરસોત્તમભાઈ મકાણી (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની ચેતનાબેન (ઉ.વ.૪૧)ને છેલ્લા બે વર્ષથી માનસિક બીમારી હતી. જેના કારણે માથાનો દુઃખાવો થતો હતો.

તેથી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં છેલ્લા ૧૪ વર્ષથી નિઃશુલ્ક ઉકાળા સેવાનો લાભ, અનેક રોગોમાં રાહત

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામાં છેલ્લા ૧૪ વર્ષથી નિઃશુલ્ક ઉકાળા સેવાનો પ્રારંભ થયો છે, જેનો લાભ મોટી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે. ગ્રામસેવા હાઉસીંગ સોસાયટી, મહુવા રોડ ટચ, ચામુંડા કૃપા ખાતે સવારે ૭ થી ૧૧ સુધી આ સેવા ઉપલબ્ધ છે. રવિયા ભીખુભાઈ પાતાભાઈ થોરડીવાળા હાલ સાવરકુંડલામાં આ સેવા આપી રહ્યા છે. આ ઉકાળો અનેક



તસવીર : સૌરભ દોશી

જડીબુટ્ટીઓમાંથી બનાવવામાં આવે છે, જે શરીરને નિરોગી રાખવામાં મદદરૂપ થાય છે. યુવાનો, માતાઓ અને વડીલો મોટી સંખ્યામાં આ સેવાનો લાભ લઈ રહ્યા છે. આ ઉકાળો ગોઠણનો દુઃખાવો, ઉધરસ, ડાયાબિટીસ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે.

## અમરેલીમાં આવતીકાલે યુવક કોંગ્રેસની બેઠકનું કરાયુ આયોજન

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે આવતીકાલે બુધવારે સવારે ૧૧ કલાકે જિલ્લા યુવક કોંગ્રેસની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં પરેશભાઈ ધાનાણી, જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, પ્રદેશ મહિલા પ્રમુખ જેનીબેન ઠુંમર, ટિકુભાઈ વરુ, પૂર્વ યુવક કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ કોટડીયા, પૂર્વ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ પ્રદિપભાઈ કોટડીયા સહિતના જિલ્લાના નેતાઓ ઉપસ્થિત રહેવાના છે તો અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસના તમામ હોદ્દેદારો તથા દરેક તાલુકા તથા શહેર યુથ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખો તથા અમરેલી જિલ્લા કોંગ્રેસના દરેક કાર્યકર્તાઓ તથા યુવાનોને ઉપસ્થિત રહેવા જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણીએ જણાવ્યું હતું.

## દાડમા ગામે આરોપી પાસે ઘટનાનું રિહર્સલ

અમરેલી,તા.૨૩

લીલીયા તાલુકાના દાડમા ગામના પાટીયા નજીક થોડા દિવસો પહેલા ગંભીર મારામારીની ઘટના બનેલ જે ઘટનાના આરોપીઓને તપાસ કરનાર અધિકારી આઈ. જે.ગીડાએ આરોપીઓએ કરેલ ગુનાનું રિકન્ટ્રક્શન કરાવ્યું હતું. જેમાં થોડા દિવસો પહેલા લીલીયા તાલુકાના દાડમા ગામ નજીક આવેલ પાટીયા પાસે ફરિયાદી મેહુલભાઈ ખીમાભાઈ હેલૈયા રહે. ગાવડકા



વાળાને આરોપી જીગ્નેશ આનંદભાઈ સરાખડા તેમજ આરોપી હસમુખ મેઘજીભાઈ સરાખડા રહે. દાડમા વાળાએ ફરિયાદી મેહુલભાઈ ખીમાભાઈ હેલૈયાને ગળાના ભાગે મારી નાખવાના ઈરાદે ગંભીર ઈજાઓ પહોંચાડી હોય ત્યારે આ કામના આરોપીઓને નામદાર કોર્ટમાંથી પોલીસ રિમાન્ડ મેળવી સરકારી પંચોની સાથે ગુનાવાળી જગ્યાએ આરોપીઓને સાથે રાખી રિહર્સલ કરવામાં આવેલ હતું.

## રાજુલા પોલીસે બે ઈસમોને ચોરેલી બે મોટરસાયકલ સાથે પકડ્યા

રાજુલા, તા.૨૩

રાજુલા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન પોકેટકોપ મોબાઈલ અને ઈ-ગુજકોપની મદદથી મોટરસાયકલની ચોરીઓ કરતા બે ઈસમોને ચોરેલી બે મોટરસાયકલ સાથે પકડીને મોટરસાયકલ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલ્યો છે. રાજુલા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બે શંકાસ્પદ મોટર સાયકલ સાથે બંને આરોપીઓ-રણજીત કાંતીભાઈ વાઘેલા ઉ.વ.૨૨, ધંધો-



તસવીર : ગોપાલ રાઠોડ

મજૂરી અને જીતેષ ઉર્ફે હિતેષભાઈ કાંતીભાઈ વાઘેલા ઉ.વ.૨૦, ધંધો-મજૂરી (બંને રહે.મૂળ સનાળી તા.વડીયા હાલ.ખાખરીયા, રેલવે સ્ટેશન પાસે તા.વડીયા જી.અમરેલી) તેમણે આર.સી. બુક રજૂ કરેલ ન હોય જેથી શંકા જતા પ્રથમ પોકેટકોપ મોબાઈલમાં તથા બાદમાં ઈ-ગુજકોપમાં ખરાઈ કરતા આ મોટરસાઈકલ ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાની શંકા આધારે તે બંને સામે કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## અમરેલીના વોર્ડ નં. ૮માં આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૩

ભારત સરકારની યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમાં લોકો લાભ લઈ રહ્યા છે. પરંતુ આ પ્રક્રિયામાં વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીકમાં સુવિધા પુરી પાડવા સેવાભાવી



સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી-અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં.૮ ના અંબિકાનગર, ટાઉન હોલ, જેશીંગપરા ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં બહોળા પ્રમાણમાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંદિપ માંગરોળીયા, સુરેશભાઈ શેખવા, સંજય(ચંદુ) રામાણી, ઋજુલ ગોંડલીયા, તુષાર જોષી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમિત શાહના રાજીનામાની માંગ સાથે સ્વયં સૈનિક દળ દ્વારા વડીયા મામલતદારને આવેદનપત્ર

**ડો. બાબાસાહેબ આંબેડકર વિશેના નિવેદન બદલ અમિત શાહનો વિરોધ**




વડીયા, તા.૨૩

અમિત શાહ દ્વારા દેશની સંસદમાં બાબાસાહેબ આંબેડકર વિશે આપવામાં આવેલા નિવેદનના વિરોધમાં સ્વયં સૈનિક દળ દ્વારા વડીયા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અમિત શાહના નિવેદનથી સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયો છે, જેના પગલે દેશભરમાં વિવિધ સંગઠનો અને લોકો દ્વારા દેખાવો અને આવેદનપત્રો આપવામાં આવી રહ્યા છે. અમરેલી જિલ્લાના વડીયા ખાતે સ્વયં સૈનિક દળના નેજા હેઠળ રાષ્ટ્રપતિને સંબોધીને વડીયા મામલતદાર કચેરી ખાતે રેલી સ્વરૂપે દેખાવો કરવામાં આવ્યા હતા. આવેદનપત્રમાં ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્થાનિક યુવાનો અને લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# બાબરામાં અસામાજિક તત્વોના ત્રાસથી વેપારીઓ ત્રાહિમામ, વેપારી મહામંડળનું પોલીસને આવેદન

બાબરા, તા.૨૩



બાબરામાં વેપારીઓ અસામાજિક તત્વોના ત્રાસથી પરેશાન છે. આ બાબતે વેપારી મહામંડળ ટ્રસ્ટ - બાબરાએ બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ.ને પત્ર લખીને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, બાબરા શહેરમાં ધંધો કરતા વેપારી ભાઈઓને અસામાજિક તત્વો ખોટી રીતે હેરાન-પરેશાન કરે છે. આવા તત્વો નાના-મોટા વેપારીઓની દુકાનો પર જઈને રોફ જમાવે છે અને વેપારીઓએ તેમની પાસેથી નીકળતી નાની-મોટી ઉઘરાણી પણ છોડી દેવી પડે છે. તેમ છતાં, આ તત્વો વેપારીઓને હેરાન કરવામાં કોઈ કસર છોડતા નથી. આવા અસામાજિક પ્રવૃત્તિ કરતા લોકોને કાયદાનું ભાન કરાવવું જોઈએ. જો આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે, તો બાબરામાં લુખ્ખાગીરી વધતી જશે અને વેપારીઓને નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

# આજે મુકેશ સંઘાણી તપોવન આશ્રમ ખાતે સાદગીથી જન્મદિવસ ઉજવશે

અમરેલી, તા.૨૩



અમરેલીના ગાવકડા ચોકડી નજીક બનેલા તપોવન વૃધ્ધાશ્રમના સ્વપ્ન દૃષ્ટા મુકેશભાઈ સંઘાણીએ પોતાનો બાવનમો જન્મદિવસ સાદાઈથી ઉજવવાની જાહેરાત કરી છે. મુકેશભાઈ સંઘાણી પોતાનો જન્મદિન તપોવન આશ્રમમાં તપસ્વીઓની સાથે ઉજવશે. મુકેશભાઈ સંઘાણી તપોવન આશ્રમમાં પોતાનો જન્મદિન ઉજવવાના હોવાથી તપસ્વીઓમાં પણ આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# માર્ગ સલામતી જળવાઈ રહે તે અંગે રોડ સેફ્ટી અંગે બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૩

માર્ગ સલામતી જળવાઈ રહે અને ટ્રાવેલ્સ સંચાલકો, ડ્રાઈવરો, કંડક્ટર્સ સહિતનાઓને માર્ગ સલામતી માટે ડ્રાઈવર - વાહન ચાલકે શું કાળજી લેવાની રહે તે બાબતે માર્ગદર્શન આપવા અમરેલી એ.આર.ટી.ઓ.અને અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા માટે રોડ સેફ્ટી બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વાહન ટ્રાવેલ્સ સંચાલકોને એકસ્ટ્રા વ્હાઈટ LED લાઈટ, LED લાઈટના લીધે આંખમાં વિઝન પ્રોબ્લેમ (દ્રષ્ટિભ્રમ થાય) અને તે થાય તો તેની માર્ગ પર પસાર થતાં વાહનો, વાહનચાલક, મુસાફરો સહિતનાઓ પર થતી અસરો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. અકસ્માતના ભયને ધ્યાને લેતા વધારાની વ્હાઈટ LED બનતી ત્વરાએ દૂર કરવામાં આવે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડ્રાઈવરને બે શિફ્ટ વચ્ચે સમય આપી વિરામ અને આરામ આપવા તેમજ વિવિધ પ્રકારના વ્યસનનું સેવન કરી ડ્રાઈવિંગ ન કરવા માટે નો ડ્રીંક એન્ડ નો ડ્રાઈવ અંગે સમજ આપવામાં આવી હતી. વાહન ચલાવતી વખતે ફોનનો ઉપયોગ અને ફોન પર વાત કરવાનું ટાળવું આવશ્યક છે. આવું કોઈ વાહનચાલક દ્વારા કરવામાં આવતું હોય તો તે સમસ્યાના નિવારણ માટે હેલ્પલાઈન નંબર પર સંપર્ક થઈ શકે તેવી તકેદારી રાખવા ટ્રાવેલ્સ સંચાલકો, ડ્રાઈવરો, કંડક્ટર્સ સહિતનાઓને અપીલ કરવામાં આવી હતી.

# અમરેલી શહેરમાં સિઝનનો પ્રથમ ખતના કેમ્પ યોજાયો



અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં તા. ૨૨/૧૨/૨૪ રવિવારના રોજ સિઝનના પ્રથમ ખતના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રોજ ૫૦ જેટલા બાળકની ભાવનગરના પ્રખ્યાત ખતના જનાબ ડો. હનીફભાઈ લાખાણી, ડો. આદિલભાઈ લાખાણીએ કેમ્પમાં બાળકોની ખતના કરી હતી અને દરેક બાળકને ભેટ પણ આપવામાં આવી હતી.




## અવસાન નોંધ

**કાલાવડ**

ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ પ્રફુલચંદ્ર લક્ષ્મીશંકર ઠાકર (ઉ.વ.૮૪) હાલ રહે. રાજકોટ તે નીરેનભાઇ, બીનાબેન, પલ્લવીબેન અને નીલાબેનના પિતા તથા જાગૃતિબેન, કિરીટભાઈ, નયનભાઈ, રાયસીંગજી પઢિયારના સસરા તથા દેવ્યાંક અને અદિતિના દાદા તથા ચાંદનીના દાદાજી સસરા તા.૨૨ના રોજ અવસાન પામ્યા છે. ઉઠમણું તા.૨૬/૧૨ના રોજ સાંજે ૪ થી ૫ અમરનાથ મહાદેવ મંદિર (જગન્નાથ શેરી નં.૩, બિગ બજાર પાછળ, રાજકોટ) ખાતે રાખવામાં આવ્યું છે.

**સંકુલ ઓછી ફી - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ**

| | | | |
|---|---|---|---|
| બાલમંદિર ગુ.મી. | ૩૨૦૦ | ધો. ૧૧-૧૨ સાયંસ ગુ.મી. | ૨૫૮૦૦ |
| ધો. ૧ થી ૫ ગુ.મી. | ૫૨૦૦ | આર્ટસ કોલેજ Psy-Soc-Eng | ૧૩૨૦૦ |
| ધો. ૬ થી ૮ ગુ.મી. | ૬૨૦૦ | કોમર્સ કોલેજ બન્ને મિડીયમ | ૧૭૨૦૦ |
| ધો. ૯-૧૦ ગુ.મી. | ૭૪૦૦ | સાયંસ કોલેજ માઈક્રો - BT | ૨૪૮૦૦ |
| ધો. ૧૧-૧૨ આર્ટસ ગુ.મી. | ૮૪૦૦ | BCA કોલેજ - AICTE | ૨૪૮૦૦ |
| ધો. ૧૧-૧૨ કોમર્સ ગુ.મી. | ૯૨૦૦ | BBA કોલેજ - AICTE | ૧૮૬૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ - ચક્કરગઢ રોડ અમરેલી -Ad 085







**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસ:-**

નં.મરણ નોંધણી/અરજી નં.૪૩/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી મહેશભાઈ પ્રાગજીભાઈ વોરા,
રે. દેવળકી તા. વડીયા જિ. અમરેલી
એડવોકેટ- વિજયકુમાર એમ. રાઠોડ મો.- ૯૭૨૫૬ ૦૨૨૨૫

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી દેવળકી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના દાદાશ્રી વલ્લભભાઈ જાદવભાઈ વોરાનાઓનું મરણ તા.૦૯/૦૨/૨૦૧૦ ના રોજ મુ.દેવળકી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહીં તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**









# ૩૧ ડિસેમ્બરની ઉજવણીને લઈ અમરેલી જિલ્લા પોલીસનો એક્શન પ્લાન

**દીવથી આવતા તમામ રસ્તાઓ પર પોલીસ ચેકપોસ્ટ કાર્યરત થશે : એસ.પી.ખરાત**

અમરેલી,તા.૨૩

૩૧ ડિસેમ્બરને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે નવા વર્ષની ઉજવણી કરવા યુવા હૈયાઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. નવા વર્ષની ઉજવણી કરવા માટે અમરેલી જિલ્લામાંથી અનેક લોકો પર્યટન સ્થળ દીવ જતા હોય છે ત્યારે દીવથી પરત આવતી વખતે પીધેલાઓને ઝડપી પાડવા અમરેલી જિલ્લા પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આ અંગે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, નવા વર્ષની ઉજવણી બાદ પીધેલાઓને પકડવા માટે પોલીસની ટીમ બનાવવામાં આવી છે. દીવથી



અમરેલી જિલ્લામાં પ્રવેશતા તમામ માર્ગો પર પોલીસ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. તમામ ચેકપોસ્ટ પરથી વાહનોનું ચેકીંગ તેમજ મુસાફરોની તપાસ કરવામાં આવશે. હાઈવે પર ચેકપોસ્ટની સાથે નાના માર્ગો પર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે. આગામી દિવસોમાં જિલ્લાના રિસોર્ટ, ઢાબા સહિતના સ્થળોએ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવશે. આમ, પીધેલાઓ સામે કડક કાર્યવાહી કરવામાં અમરેલી જિલ્લા પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

# સુશાસન સપ્તાહ અંતર્ગત અમરેલીમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું

**અધિક કલેક્ટર અને ડીઆરડીએ નિયામકે વર્કશોપનો પ્રારંભ કરાવ્યો**

અમરેલી,તા.૨૩

સુશાસન સપ્તાહ અંતર્ગત અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમરેલી શહેરમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલીપસિંહ



ગોહિલ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજાએ આ વર્કશોપનો પ્રારંભ કરાવ્યો હતો. અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ૨૦૪૭માં ભારત કેવું હશે? વિવિધ ક્ષેત્રના વિવિધ પાસાઓને આવરી લઈ વ્યૂહરચનાઓનું ઘડતર કરવું, ગ્રામ્ય – શહેરી વિસ્તારોની જરુરિયાતને ધ્યાને લઈ વાસ્તવિક લક્ષ્યાંકો હાંસલ કરવા ગુડ ગવર્નન્સ, ગુડ ગ્રીવાન્સીસ, ગુડ સર્વિસ ડિલિવરી સિસ્ટમ વિકસાવવી, ભાવિ વિકાસ સંદર્ભે નાગરિકોના પ્રતિભાવોને ધ્યાનમાં રાખી વિવિધ પગલાઓ હાથ ધરી વિકસિત અમરેલી@૨૦૪૭નો સંકલ્પ સાકાર કરવાનો હેતુ છે.

# સાવરકુંડલામાં રીક્ષા હટાવવાનું કહેતા યુવકને ફટકારવામાં આવ્યો

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલાના ઓડવાડાના નાકા પર એક યુવકે રીક્ષા હટાવવાનું કહેતા તેને ફટકારવામાં આવ્યો હતો. બનાવ અંગે શાહરૂખભાઈ અશરભભાઈ પોપટીયા (ઉ.વ.૨૫)એ નિરજભાઈ પ્રવિણભાઈ (ઉ.વ.૨૩) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની મોટર સાયકલ લઈને ઘરે જતા હતા ત્યારે ઓડવાડાના નાકા પાસે પહોંચતા આરોપી પોતાની રીક્ષા લઈને રસ્સામાં ઉભા હતા. જેથી રસ્તા પરથી રીક્ષા હટાવવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઈને લોખંડના પાઈપનો ઘા માથામાં માર્યો હતો. જેમાં ઈજા પહોંચી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં જરૂરિયાતમંદ બહેનોને શિક્ષણ સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા

રાજુલા, તા.૨૩

શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા કૉલેજ રાજુલા ખાતે આર્થિક જરૂરિયાતમંદ વિદ્યાર્થિની બહેનોને સહાય ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. જેનો હેતુ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી ઉચ્ચ શિક્ષણથી આત્મ નિર્ભર બનાવવાનો હતો. ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષા માટે અદ્યતન પુસ્તકોનો લાયબ્રેરીમાં લાભ



તસવીર : ગોપાલ રાઠોડ

લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ગૌરાંગભાઈ બી.મહેતા તથા કપોળ મહાજન ટ્રસ્ટી વસુંધરા સ્ટોરના માલિક બિપિનભાઈ મહેતા તથા અવધ ટાઈમ્સ બ્યુરોનાં વરિષ્ઠ પત્રકાર કનુભાઈ વરુ, વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ તથા કૉલેજ કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશભાઈ વાજા તથા દુર્ગા વાહિની મહિલા પ્રમુખ વિભાબહેન મહેતા તથા ઉપપ્રમુખ હેતલબેન મેખીયા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના સાજીયાવદર ગામે પૂજારીને છરી બતાવી જાનથી મારવાની ધમકી આપી

**પૂજારી ગામના વયોવૃદ્ધને ટિફિન પહોંચાડતા હતા**

અમરેલી, તા.૨૩

અમરેલીના સાજીયાવદર ગામે રહેતા અને સેવાપૂજા કરતાં એક પુરુષને ગામના જ યુવકે છરી બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રામજીભાઈ ભુરાભાઈ ધોળકીયા (ઉ.વ.૬૨)એ ભુપતભાઈ વલકુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેના ગામમાં મંદિરમાં સેવાપૂજાનું કામ કરતા હતા. તેઓ ગામના વયોવૃદ્ધ માણસને ભોજનાલયમાંથી ટિફિન પહોંચાડતા હતા. આ વાત આરોપીઓને નહીં ગમતા તેમને છરી બતાવી, મારી નાખવાની ધમકી આપી હતી તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વાડીમાંથી બે મહાકાય અજગરનું રેસ્ક્યું કરવામાં આવ્યું



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૨૩

રાજુલામાં કનુભાઈ લહેરીની વાડીમાંથી બે મહાકાય અજગર જોવા મળ્યા હતા. બીપીનભાઈ લહેરીએ ટેલીફોનિક દ્વારા પૂર્વ વાઈલ્ડ લાઈફ વોર્ડન વિપુલભાઈ લહેરીએ રાજુલા વન વિભાગના આર.એફ.ઓ વેગડા તથા ગોહિલને જાણ કરી હતી. શેત્રુંજી ડિવિઝનની રેસ્ક્યું ટીમમા આશિફ પઠાણ ગુજરીયા, ભરતભાઈ કુરેશી, જુનેદભાઈએ રેસક્યુ કરી જંગલમાં મુક્ત કર્યા હતા.

## દામનગરમાં મહિલાએ આધેડ સાથે ઉધ્ધતાઈભર્યું વર્તન કર્યું

અમરેલી, તા.૨૩

દામનગરમાં રહેતા એક આધેડ સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરવામાં આવ્યું હતું. બનાવ અંગે વૃજલાલ વાલજીભાઈ બાબરીયા (ઉ.વ,૪૯) એ ગુલાબબેન હીંમતભાઈ વાઘેલા સામે નોંધવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની સાથે જાહેરમાં ખરાબ વર્તન કરીને અપમાનીત કર્યા હતા. અમરેલી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં દર રવિવારે યોજાનારી સાયકલ રેલીમાં જોડાવા નાગરિકોને અનુરોધ

અમરેલી,તા.૨૩

ગત તા.૧૭ના રોજ મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં ફિટ ઈન્ડિયા સાયકલિંગ ડ્રાઈવ શરુ કરવામાં આવી હતી, આ પ્રસંગે ૫૦૦થી વધુ સંખ્યામાં ઉત્સાહી સાઈકલિસ્ટ્સની ઉપસ્થિતિ હતી. આ ક્ષણને ઐતિહાસિક અને રાષ્ટ્રનો સૌથી મોટો સાઈકલિંગ કાર્યક્રમ બનાવવા દેશભરમાંથી ૧,૦૦૦થી વધુ ઉત્સાહી સાઈકલિસ્ટ્સ જોડાયા હતા. 'Sunday On cycle Campaign' ની શરુઆત કરવામાં આવી, વ્યક્તિગત અને સમૂહને દરેક રવિવારે સાઈકલ ચલાવવાની પ્રેરણા આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. વધતા જતા પ્રદૂષણના પડકાર સામે સાઈકલિંગ શ્રેષ્ઠ ઉકેલ છે તેમ કહી શકાય. "Sunday On cycle Campaign" એ "Green India Fit India" અભિયાન માટે પણ પ્રેરક તરીકે કાર્ય કરશે. અમરેલી જિલ્લામાં તા.૨૨ ડિસેમ્બરના રોજ સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, મહત્વનું છે કે, હવેથી દર રવિવારે સવારે ૦૭:૦૦ કલાકે અમરેલી સરદાર પટેલ રમત સંકુલ ખાતેથી સાઈકલ રેલીનું પ્રસ્થાન થશે. દર રવિવારે યોજાનાર આ સાઈકલ રેલીમાં અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકો અને ખેલાડીઓને જોડાવા અનુરોધ કરાયો છે.

# ડુંગર ગામેથી બાઈકની ઉઠાંતરી

રાજુલા, તા.૨૩

રાજુલાના ડુંગર ગામેથી બાઈકની ઉઠાંતરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે જુમ્માભાઈ અલારખભાઈ દલ (ઉ.વ.૫૨)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે પોતાના હવાલાની સ્પ્લેન્ડર પ્રો બાઈક ઘરે પાર્ક કરી હતી. ૩૦ હજારની કિંમતની આ બાઈકની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો.

ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નોમ
તા. ૨૪-૧૨-૨૦૨૩, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૧, સૂર્યાસ્ત-૦૫:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૨૪-૧૨-૨૦૨૩ મંગળવાર

- મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિરની મુલાકાત લેવાનું વિચારી શકો છો.
- વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.
- મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.
- કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.
- સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.
- કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.
- તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.
- વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.
- ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.
- મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.
- કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.
- મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI TATA Mahindra HYUNDAI TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

તંત્રી લેખ

# અમેરિકામાં શટડાઉનનો ખતરો !

જગતના જમાદાર ગણાતા અમેરિકા માથે આર્થિક ભારણ વધતું જાય છે, જેને કારણે અમેરિકાની આર્થિક ક્ષમતા ઉપર વિપરીત અસર પડતા સરકારી અધિકારીઓને અને વિવિધ કંપની એજન્સીઓને પગાર ચૂકવાના પૈસાના પણ ફાંફા પડી રહ્યા છે. આથી અમેરિકાની અંદર આર્થિક કટોકટી ઊભી થઈ છે, જેને કારણે અમેરિકાની નવી સરકાર સામે વિરોધ પક્ષોએ શટડાઉન માંગ કરી છે. અમેરિકાની અંદર અનેક સરકારી ઓફિસો અને તેની સાથે જોડાયેલી કંપનીઓને બંધ કરવાની નોબત આવી ગઈ છે કારણ કે હવે અમેરિકા પાસે પગાર ચૂકવવાના પુરતા પૈસા નથી. આવી સ્થિતિમાં કોંગ્રેસ ટૂંકા ગાળાના ભંડોળની યોજના બનાવવા માટે સંઘર્ષ કરી રહી છે. નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંભવિત ફંડિંગ બિલનો વિરોધ કર્યા પછી ફંડિંગ મેળવવા માટે યુએસ સંસદમાં ૧૯ ડિસેમ્બરે રાત્રે એક બિલ રજૂ કરવામાં આવ્યું હતું. જેને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સમર્થન આપ્યું હતું. જો કે આ બિલ સંસદમાં પાસ ન થયું. જોકે, વિપક્ષી ડેમોક્રેટ્સે તેનો જોરદાર વિરોધ કર્યો હતો. ડેમોક્રેટ્સ ટ્રમ્પના કાર્યકાળના પ્રથમ વર્ષમાં કોઈ રાજકીય લાભ આપવા માંગતા ન હતા, જેના કારણે તેઓએ આ બિલનો વિરોધ કર્યો હતો. આ બિલનો વિરોધ માત્ર ડેમોક્રેટ્સે જ નહીં પરંતુ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના કેટલાક સાંસદોએ પણ કર્યો હતો. આ બિલને સંસદમાં ૧૭૪-૨૩૫ના માર્જિનથી ફગાવી દેવામાં આવ્યું હતું. રિપબ્લિકન પાર્ટીના ૩૮ સાંસદોએ પણ તેની વિરુદ્ધ વોટ કર્યો હતો. આ બિલ પાસ થવું કેટલું જરૂરી? અમેરિકાને તેના ખર્ચને પહોંચી વળવા માટે ફંડિંગની જરૂર છે. આ ફંડ ઉધાર લઈને એકત્ર કરવામાં આવે છે, જેના માટે સંસદમાં બિલ પસાર કરવામાં આવે છે. આ વખતે પ્રસ્તાવિત બિલ ટ્રમ્પના સમર્થનથી રજૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તે પાસ થઈ શક્યું ન હતું. આથી હવે યુએસ સરકાર તેના ખર્ચ માટે જરૂરી ભંડોળ મેળવી શકશે નહીં. આ ભંડોળમાંથી જ અમેરિકન સરકાર સરકારી કર્મચારીઓના વેતન અને અન્ય વહીવટી ખર્ચને પહોંચી વળે છે. આથી હવે બિલ પાસ ન થતા સરકારી કામકાજ અટકી જશે અને શટડાઉનની સ્થિતિ સર્જાશે. ફંડિંગ પૂરું પાડવાની દરખાસ્તના આ બિલમાં માર્ચ સુધી સરકારી ખર્ચ માટે ભંડોળ પૂરું પાડવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આપત્તિ રાહત માટે $૧૦૦ બિલિયન આપવાની અને બે વર્ષ માટે દેવાની મર્યાદા વધારવાની યોજના હતી. ગત વખતે જ્યારે આ જ પ્રકારનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું ત્યારે ટ્રમ્પ અને એલોન મસ્કે તેનો વિરોધ કર્યો હતો. સત્તા પરિવર્તન પહેલા અમેરિકામાં હલચલ શરૂ થઈ ગઈ છે. અમેરિકાની આર્થિક કટોકટીને કારણે બાઈડેન અને હેરિસે અચાનક ક્રિસમસ ટ્રીપ રદ કરી છે. કરકસરના પગલાં રૂપે અમેરિકાની અંદર ક્રિસ્ટમસની ઉજવણી પણ ઝાંખી પડી જાય એવી શક્યતાઓ ઊભી થઈ છે. શટડાઉનની સંભવિત અસર મોટા પાયે પર થશે. જો શટડાઉન થશે તો અમેરિકાની સમગ્ર સંઘીય વ્યવસ્થા પ્રભાવિત થશે. તેમજ લગભગ ૨૦ લાખ સરકારી કર્મચારીઓને તેમનો પગાર નહીં મળે, ઘણી સરકારી સંસ્થાઓને અસ્થાયી રૂપે બંધ કરવી પડશે, એરપોર્ટ પર ભારે ટેરિફનો સામનો કરવો પડશે, તેમજ માત્ર કાયદા અને સુરક્ષા સંબંધિત વિભાગના કર્મચારીઓ જ કામ કરશે.

# ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર નથી, દેશના કરોડો નીતિમાન માનવીઓને કારણે રાષ્ટ્રનું ભાવિ ઉજ્જવળ છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સરદાર વલ્લભભાઈ પટેલે એક વખત કહેલું કે “ બીજા શું કરે છે તે સામુ ન જોવું, પણ મારે શી ફરજ છે તે વિચારનાર અને જીવનમાં ઉતારનાર મહાન બને છે.” આ જ વસ્તુ વર્તમાન સમયમાં ભ્રષ્ટાચાર વિરોધમાં બોલનારને પણ લાગુ પડે છે. આજકાલ ભ્રષ્ટાચારની ચર્ચા સર્વત્ર થઈ રહી છે. પ્રત્યેક વ્યક્તિ પ્રતિભાવ આપી રહી છે. ઘણા દિવસો પછી દેશમાં કોઈ સાર્થક ચર્ચાનું હોવું સકારાત્મક લાગે છે. રાજકારણ અને દેશની વ્યવસ્થાની ટીકા તો કેટલાક લોકો હંમેશા કરતા જ રહેતા હોય છે, પરંતુ આવા લોકો સામાન્ય રીતે નિરાશાથી ભરેલા હોય છે અને પરિસ્થિતિથી પલાયન કરતા રહે છે. બાકીના સામાન્ય લોકો ‘હું શું કરી શકું ?’ એમ વિચારીને ચૂપ થઈ જાય છે, અને જેમ તેમ કરીને પરિસ્થિતિ સાથે બાંધછોડ કરીને આગળ વધે છે. પરંતુ કોઈ કોઈ વાર વાત જ્યારે હદ વટાવી જાય તો લોકો કાંઈક કરવા માંગતા હોય છે જેથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી શકે. આ સંઘર્ષ માટે યોગ્ય નેતૃત્વ, સંગઠન કે પદ્ધતિની લોકો શોધ ચલાવે છે. પછી તેઓ એક સાથે બે-ચાર રસ્તાઓ પર ચાલવાનું શરૂ કરી દે છે જેથી કોઈ એક માર્ગ તો લક્ષ્ય સુધી ચોક્કસ પહોંચાડી દે. પૈસા કમાવા અને પૈસા બનાવવા એ બે વચ્ચે બહુ મોટો તફાવત છે જે મહેનત કરે છે તે પૈસા કમાય છે. તેને એની મહેનતના પ્રમાણમાં પૈસા મળતા નથી પણ જે વગર મહેનતે માત્ર સત્તાના જોરે સામાન્ય માનવીની મજબૂરી સામે જોયા વગર પૈસા પડાવે છે તે એક પ્રકારનો ભ્રષ્ટાચાર છે.

આજકાલ સૌ દેશવાસીઓ ખાનગી હોસ્પિટલોથી માંડીને જાહેર ક્ષેત્રના કોન્ટ્રાક્ટરો દ્વારા થતા ભ્રષ્ટાચારથી નિરાશ છે. દેશમાં ભ્રષ્ટાચારના વિરોધમાં સર્વત્ર અલગ અલગ માધ્યમોથી ગુસ્સો પ્રગટ થઈ રહ્યો છે. બધા લોકો ભ્રષ્ટાચારના ઉપાયો પર ચર્ચા કરી રહ્યા છે અને સૌ કોઈ નક્કર પરિવર્તનની ઈચ્છા રાખે છે. અન્ના હજારે જેવા સાચા માણસે ભ્રષ્ટાચાર સામે લડત ઉપાડી પરંતુ અંતે નિરાશ થઈને ગુમનામીના અંધકારમાં ખોવાઈ ગયા. તેના જ શિષ્યો દિલ્હીની ગાદી પર બેસીને રાજ કરી રહ્યા છે. રાજ ઓછું કરે છે ભ્રષ્ટાચાર ઝાઝો કરે છે. તેમણે ભ્રષ્ટાચારો કયા, રહેવા માટે શીશ મહલ ઉભો કર્યો, દારૂના કૌભાંડો કર્યા અને જેલમાં ગયા છતાં લાજવાને બદલે ગાજે છે અને ફરી સત્તાના સિંહાસનો સર કરવા માટે ધમપછાડા કરે છે. આવા તો અનેક નેતાઓ છે જે ભ્રષ્ટાચાર કરે છે પરંતુ સ્વીકાર કરતા નથી. એમ લાગે છે કે આજે ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર બની ગયો છે. પરંતુ આનાથી પ્રજા પરેશાન છે.

ભ્રષ્ટાચાર દૂર કરવાનો કોઈ ચોક્કસ રસ્તો મળતો નથી જેને મળે છે તેનું કોઈ સાંભળતું નથી. ભ્રષ્ટાચારના વિષયમાં કંઈક કરવાનું દબાણ સામાજિક ક્ષેત્રમાં કામ કરતી દરેક વ્યક્તિ, સંગઠન કે રાજકીય પક્ષ પર છે. ન્યાયતંત્ર, સમાચાર માધ્યમ, વહીવટી તંત્ર દરેક પર ઠીક ઠીક પ્રમાણમાં ભ્રષ્ટાચાર દૂર કરવાનું દબાણ છે. ભ્રષ્ટાચારના વિરોધમાં સૌ કોઈ ચર્ચા કરે છે, પ્રત્યેક વ્યક્તિ પ્રતિભાવો આપે છે પરંતુ કંઈ સકારાત્મક કામ થતું હોય તેવું હવે લાગે છે. રાજકારણ અને દેશની વ્યવસ્થાની ટીકા તો કેટલાય લોકો હંમેશા કરતા જ રહેતા હોય




છે પરંતુ આવા લોકો સામાન્ય રીતે નિરાશાઓથી ભરેલા હોય છે અને પરિસ્થિતિથી પલાયન કરતા રહે છે. બાકીના સામાન્ય લોકો કહે છે કે આ ભ્રષ્ટાચારમાં મારું શું ગજુ? હું શું કરી શકું? કે આભ ફાટ્યું હોય ત્યાં થીગડું કેવી રીતે દેવું ?મારી હેસિયત શું? તેવું સામાન્ય માણસ વિચારીને ચૂપ થઈ જાય છે. અને જેમ તેમ કરી પરિસ્થિતિ સાથે બાંધછોડ કરીને આગળ વધે છે. પરંતુ કોઈ વાર વાત જ્યારે હદ વટાવી જાય છે તો લોકો કંઈક કરવા માગતા હોય છે. જેથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી શકે. આ સંઘર્ષ માટે યોગ્ય નેતૃત્વ, સંગઠન કે પદ્ધતિની લોકો શોધ ચલાવે છે અને પછી તેઓ એક સાથે બે ચાર રસ્તાઓ સાથે મળીને તેના પર ચાલવાનું શરૂ કરી દે છે જેથી કોઈ એક માર્ગ તો લક્ષ્ય સુધી ચોક્કસ પહોંચાડી દે. ભ્રષ્ટાચારના વિરોધમાં કેટલાક લોકો સર્વ કંઈ જાણે છે પણ બોલતા નથી તેમને લાગે છે કે આ ભ્રષ્ટાચાર નથી શિષ્ટાચાર છે અને તેનું પાલન કરવામાં જ ભલાઈ છે. ભ્રષ્ટાચારનો ખુલ્લો વિરોધ કરનારાઓ અંતે ક્યાં ખોવાઈ જાય છે તે કોઈ જાણતું નથી સૌને જીવ વ્હાલો હોય છે. આજે સૌ ડરે છે. કેટલાક લોકો વિચારે છે કે બધી વ્યવસ્થાઓ ખરાબ થઈ ગઈ તેથી દેશના બધા લોકો ભ્રષ્ટાચારી બની ગયા છે. તમામ નેતાઓ ભ્રષ્ટ છે તેમ તેઓ માને છે પરંતુ આ વાત સાચી નથી. દેશમાં આજે પણ એવા કરોડો લોકો છે જેઓ કદાચ ગરીબ હશે પરંતુ સ્વાભિમાન અને પ્રમાણિકતાથી જીવવા માંગે છે તે માટે તેઓ મોટી કિંમત ચૂકવવા પણ તૈયાર દેખાય છે. એવા અધિકારીઓ છે જે સો ટકા પ્રમાણિક છે તેઓ આ રાષ્ટ્રના સાચા આધારસ્થંભ છે. અનેક લોકો ઘર/ગામ છોડીને દૂર દૂર સખત શારીરિક પરિશ્રમ કરીને નહીવત્ સગવડોમાં રહે છે પરંતુ ચોરીનો પૈસો નથી લેતા. સંતાનોને ચોર બનાવવા કરતા તેમને અછતમાં રાખવાનું તેઓ વધારે પસંદ કરે છે. કરોડો લોકો અભાવમાં રહીને પણ કોઈપણ પ્રકારની લાલચમાં આવ્યા વગર, પેઢીઓથી પ્રમાણિકતા, દેશ નિષ્ઠા, સંસ્કૃતિ, મૂલ્યો, નૈતિકતા, ધર્મ જેવી બાબતો પર બાંધછોડ ન કરીને જીવન વિતાવતા રહ્યા છે. આવા કરોડો પ્રામાણિક લોકો આપણા ભારતની નૈતિક તાકાતની કરોડરજ્જૂ છે, જેમના આધાર પર આજે પણ પરિવર્તન કરવાની શક્તિ આપણે ધરાવીએ છીએ આવા કરોડો પ્રામાણિક પરિશ્રમી લોકોના દેશને ભ્રષ્ટાચારીઓનો દેશ છે એમ કહીને વગોવવાની જરૂર નથી. આજે પણ પરિવર્તન કરવાની શક્તિ આપણે ધરાવીએ છીએ. આવા કરોડો પ્રામાણિક, પરિશ્રમી લોકોના દેશને ભ્રષ્ટ દેશ કહેવો યોગ્ય નથી. તેથી કોઈપણ દેશભક્ત વ્યક્તિને, ભારતને ભ્રષ્ટાચારની યાદીમાં ઊંચા ક્રમનો દેશ કહેવાથી દુઃખ થાય છે. તેણે ભ્રષ્ટ વ્યવસ્થાઓને બદલવા માટે અને ભ્રષ્ટાચારીઓને સખત સજા અપાવવા માટે આગળ આવવું પડશે. ત્યારે જ આ દેશ સુવ્યવસ્થા, નૈતિકતા, પ્રામાણિકતા, પરિશ્રમ તથા સુખ-સમાધાન જેવા અનેક માપદંડોના આધાર પર દુનિયામાં આગળ પડતો દેશ માનવામાં આવશે. બુદ્ધિમત્તા તથા કૌશલ્યમાં આપણા દેશના લોકો આજે પણ આગળ પડતા મનાય છે. આર્થિક સમૃદ્ધિ પણ થઈ રહી છે. પરંતુ જો ભ્રષ્ટાચાર હશે તો આ જ સમૃદ્ધિ ચોર-લૂંટારાના હાથમાં જ રહેશે અને આવા લોકો દેશની ઓળખ બની જશે તેથી પ્રામાણિકતાને શ્રેષ્ઠ માનનારી પ્રજાએ સમગ્ર વ્યવસ્થાને ભ્રષ્ટાચારીઓની પકડમાંથી મુક્ત કરવી જ પડશે.

ભ્રષ્ટાચાર પણ સાતમી પેઢી (7th Generation)નો છે. સ્વતંત્રતા પછી પ્રત્યેક દાયકામાં નવાં નવાં પ્રકારોથી ભ્રષ્ટાચાર વધતો ગયો છે, તેથી સમગ્ર વિષય બહુ જટિલ બની ગયો છે. તેને સમજવો, સમજાવવો અને તેની સામે લડવું, વ્યવસ્થાઓમાં પરિવર્તન અને આગળ પણ નિરંતર સતર્ક અને સક્રિય રહેવું - આ મંત્રનું અક્ષરશઃ પાલન કરતા રહેવું એ જ યુગધર્મ છે. આ યુગધર્મ પીએમ નરેન્દ્ર મોદી અને યોગી આદિત્યનાથ નિભાવી રહ્યા છે. તેઓ ગુનેગારોને તત્કાલ સજા પણ કરે છે. કાયદો અને વ્યવસ્થા અતિશય કડક હોવાથી ત્યાં ખોટું કરનારાઓ ડરતા રહે છે. રાજકીય ઈચ્છા શક્તિ હોય તો ભ્રષ્ટાચાર ચોક્કસ દૂર થઈ શકે.

આપણને આજે સૌથી વધુ જરૂર હોય તો તે રેશનાલિઝમની વિચારધારાની છે. રેશનાલિઝમની વ્યાખ્યા મુજબ, ‘આ એક એવો માનસિક અભિગમ છે કે જેમાં બુદ્ધિની સર્વોપરીતાનો બિનશરતી સ્વીકાર કરવામાં આવે છે અને જેનો હેતુ ફિલસુફી તથા નીતિશાસ્ત્રની એક એવી પદ્ધતિ સ્થાપવાનો છે કે જે કોઈ અધિકારી વ્યક્તિની તમામ એકપક્ષી ધારણાઓથી મુક્ત હોય અને કસોટી દ્વારા જે ચકાસી શકાતી હોય.’ યુરોપના દેશોએ જે પ્રચંડ પ્રગતિ કરી એમાં ત્રણ પરિબળો જવાબદાર છે. એક છે રેશનલ અભિગમ, બીજું વિજ્ઞાન, ત્રીજું પરિબળ સખત પરિશ્રમ. જો આપણે આ ત્રણેય પરિબળોનો અમલ કર્યો હોત તો આપણે આજે યુરોપિયન દેશોની હરોળમાં ઊભા રહ્યા હોત. દુનિયાના નકશા ઉપર આપણે આર્થિક અને ભૌતિક પ્રગતિની બાબતમાં ૧૫૦મા ક્રમથી પણ પાછળ છીએ. એનું કારણ દેખીતું જ છે કે આપણે પુરૂષાર્થને બદલે પ્રારબ્ધમાં માનીએ છીએ. યુરોપમાં જબરદસ્ત ‘વર્ક કલ્ચર’ છે. ત્યારે આપણે ત્યાં વર્ષમાં ૬ મહિના તો રજાઓ અને હડતાલોમાં જ જાય છે.

**ચારે બાજુ અંધકારમય વાતાવરણમાં આશાનું એક કિરણ દેશના પ્રમાણિક અધિકારીઓ અને નિષ્ઠાવાન લોકો છે.**

## શબ્દ સંજોગ-૧૯૨૩




**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજ્ય (૫)
(૫) કવિતા કરવી તે (૩)
(૭) ચીલ-સમડી પેઠે ઝટ ઝડપવુ તે (૫)
(૮) ફતેહ, સિદ્ધિ (૨)
(૧૦) લંકા નરેશ (૩)
(૧૧) તમાકું, છીંકણી (૩)
(૧૩) એક તેજાનો (૨)
(૧૪) ફોજનો એક અમલદાર (૩)
(૧૭) ડોક, ગળુ (૨)
(૧૮) સોનામહોર (૪)
(૧૯) રેલવેનું બોગદુ, ભોયરુ (૩)
(૨૧) ઈરાન દેશ (૩)
(૨૩) વિના (૩)
(૨૫) જમીન, ખેતર (૨)
(૨૬) એક જાતનું નેતર (૨)
(૨૭) આરામ, વિસામો (૩)
(૨૮) પિતાની સાળીના પતિ (૨)

**ઉભી ચાવી :**
(૧) પ્રાગટ્ય, ઉદ્ભવ (૩)
(૨) ભારતનું એક શહેર (૨)
(૩) અસ્થિર, ચલાયમાન (૨)
(૪) ઓપ, ચળકાટ (આ-અ) (૩)
(૫) વલસાડ જિલ્લાનો એક તાલુકો (૪)
(૬) જળાશય (૩)
(૯) રામને એંઠા બોર ખવડાવનાર (૩)
(૧૨) વિષ્ણુ, પ્રભુ (૩)
(૧૩) વાંદરો (૩)
(૧૫) એક જંગલી પ્રાણી (૩)
(૧૬) એક જાણીતા ગાયક (૨)
(૧૭) જમીન કે પર્વતમાં ઉંડો પહોળો ખાડો કે બખોલ (૩)
(૧૮) દૂર, છેટુ (૩)
(૨૦) નવલુ, આશ્ચર્યકારક (૩)
(૨૧) યોગ્ય, લાયક (૨)
(૨૨) એક ફરસાણ (૩)
(૨૪) સૂર્ય (૨)
(૨૫) સુખશાંતિ આપનારુ (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૨ જવાબ

**આડી ચાવી:** (૧) નિયમન (૪) સહિયારો (૬) સદા (૭) ચિતાર (૯) પાયરી (૧૦) વાવડ (૧૩) તખતો (૧૫) હમાલ (૧૬) છળ (૧૭) ઝુખડું (૧૮) અમ (૧૯) સન્મુખ (૨૦) નાભિ (૨૧) જપ્ત (૨૨) મ્લાન (૨૪) ડગર (૨૬) મનમેળ (૨૭) મસ.
**ઉભી ચાવી:** (૧) નિસર્ગ (૨) યદા (૩) નસિયત (૪) સર (૫) યાદવ (૮) તારીખ (૧૧) ડમડમ (૧૨) ક્ષમા (૧૪) તોછડું (૧૫) હલ્લો (૧૭) મુખમ્લાન (૧૮) અભિગમ (૧૯) સપ્ત (૨૦) નાડ (૨૬) જળ (૨૧) નમે (૨૫) રસ.

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૬૮ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૨૨ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૩૦ | ૫૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૩૫ |
| ચણા પીળા | ૧૧૧૦ | ૧૩૫૯ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૫૪૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૩૨ |
| મગ | ૧૧૦૦ | ૧૮૨૫ |
| વાલ દેશી | ૯૦૧ | ૧૩૩૧ |
| ચોળી | ૧૫૬૦ | ૨૫૮૦ |
| મઠ | ૮૩૦ | ૧૧૭૦ |
| કળથી | ૯૨૫ | ૧૦૭૫ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૯૦ |
| તલી | ૨૧૨૦ | ૨૫૪૭ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૧૨ |
| અજમો | ૧૬૪૦ | ૨૩૦૦ |
| સુવા | ૧૨૪૧ | ૧૨૪૧ |
| સોયાબીન | ૭૮૧ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૩૦ |
| કાળા તલ | ૩૬૫૦ | ૫૧૫૧ |
| લસણ | ૨૫૦૦ | ૪૦૮૦ |
| ધાણા | ૧૨૯૦ | ૧૫૪૧ |
| મરચા સુકા | ૨૧૦૦ | ૩૭૦૦ |
| ધાણી | ૧૩૪૦ | ૧૫૮૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૩૬ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૬૦૦ |
| રાય | ૧૦૫૫ | ૧૩૫૫ |
| મેથી | ૯૫૦ | ૧૨૭૦ |
| કલોંજી | ૩૧૩૨ | ૩૬૨૪ |
| રાયડો | ૯૫૦ | ૧૧૩૨ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૧ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૭૦૦ |
| બટેટા | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૯૦ | ૩૩૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૫૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૮૦ | ૩૨૦ |
| મુળા | ૩૦૦ | ૫૫૦ |
| રીંગણા | ૧૨૦ | ૨૩૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૮૦ |
| ફ્લાવર | ૧૨૦ | ૨૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૫૦૦ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૫૫૦ | ૯૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૭૫૦ |
| દુધી | ૧૫૦ | ૨૨૦ |
| કારેલા | ૫૫૦ | ૯૦૦ |
| સરગવો | ૧૪૦૦ | ૨૦૫૦ |
| તુરીયા | ૧૧૫૦ | ૧૫૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૭૦૦ | ૧૨૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૯૫૦ | ૧૨૦૦ |
| તુવેરસીંગ | ૫૫૦ | ૧૧૦૦ |
| ગલકા | ૪૫૦ | ૭૫૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૨૦ | ૩૩૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૩૫૦ |
| આદુ | ૭૬૦ | ૯૫૦ |
| ચણા લીલા | ૨૫૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૫૦ |
| હળદર લીલી | ૫૫૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૪૦૦ | ૩૨૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૧૦૨ |
| ગિરનાર શીંગ | ૧૨૩૫ | ૧૩૧૧ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૨૧૫ |
| શિંગ ફાડા | ૮૫૦ | ૧૦૮૬ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૬૯૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૫૦૫૦ |
| તલ કશ્મીરી | ૩૦૯૦ | ૩૧૯૫ |
| બાજરો | ૩૭૨ | ૭૨૫ |
| જુવાર | ૫૦૫ | ૯૦૫ |
| ઘઉં ટુકડા | ૫૬૮ | ૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૬૩ | ૬૨૨ |
| મગ | ૧૭૨૫ | ૧૮૨૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| ચણા | ૮૮૦ | ૧૩૫૨ |
| કપાસ | ૯૯૮ | ૧૪૬૬ |
| એરંડા | ૯૯૦ | ૧૨૦૪ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૩૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૬૫ |
| રજકાનું બી | ૨૦૦૦ | ૫૨૦૦ |
| મરચા લાંબા | ૫૬૦ | ૨૫૮૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૪૪૦ | ૫૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૦૦ |
| કોબીઝ | ૧૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| શકકરિયા | ૬૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૫૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૮૦ | ૩૨૦ |
| કારેલા | ૬૪૦ | ૮૪૦ |
| ગલકા | ૫૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૨૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૮૦ | ૭૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૪૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૨૦ | ૮૪૦ |
| આદુ | ૭૪૦ | ૮૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૫૭૦ |
| ફોદીનો | ૫૫૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૪૬૦ | ૭૦૦ |
| બીટ | ૩૧૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૯૦૦ |
| સરગવો | ૮૪૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૨૦ |
| મરચાં લીલા | ૫૫૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૧૦૪૦ |
| ડુંગળી લીલી | ૨૪૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૨૮૦૦ | ૩૪૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૭૫૦ |
| પાલક | ૩૨૦ | ૪૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૧ | ૧૪૫૬ |
| ઘઉં લોકવન | ૫૬૪ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૮૦૦ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૦૯૬ |
| શિંગદાણા જાડા | ૧૧૮૧ | ૧૨૯૧ |
| શિંગ ફાડીયા | ૮૧૧ | ૧૩૦૧ |
| એરંડા/એરંડી | ૧૧૮૬ | ૧૧૯૬ |
| તલ કાળા | ૨૨૦૧ | ૩૨૦૧ |
| તલ લાલ | ૩૨૮૧ | ૩૨૮૧ |
| જીરૂ | ૩૭૫૧ | ૪૫૭૧ |
| વરીયાળી | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૯૧ |
| લસણ સુકુ | ૧૪૪૧ | ૪૨૩૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૩૬૧ |

| | | |
|---|---|---|
| અડદ | ૧૧૦૧ | ૧૬૫૧ |
| મઠ | ૭૬૧ | ૮૯૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૬૯૧ |
| મેથી | ૯૧૧ | ૧૦૩૧ |
| કાંગ | ૬૦૧ | ૧૧૬૧ |
| મરચા | ૪૫૧ | ૨૯૫૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૨૧૧ |
| સફેદચણા | ૧૨૦૦ | ૨૫૦૧ |
| તલ-તલી | ૧૮૦૦ | ૨૭૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૩૫૬ |
| બાજરો | ૫૬૧ | ૫૬૧ |
| જુવાર | ૩૦૦ | ૭૪૧ |
| મકાઈ | ૪૭૧ | ૫૧૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| વાલ | ૭૯૧ | ૧૪૫૧ |
| ચોળા/ચોળી | ૪૫૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૧ |
| કળથી | ૯૪૧ | ૯૪૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૨૧ |
| વટાણા | ૬૬૧ | ૩૨૩૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૨ |
| કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળીજી૨૦ | ૧૦૭૫ | ૧૧૨૫ |
| મગફળી બી.ટી. | ૯૫૦ | ૧૦૫૧ |
| ઘંઉ | ૫૫૦ | ૬૨૨ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૩૯૫ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૩ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૩૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૪૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૮૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૩૪૩ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૪ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૫૫ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૬૧ |
| બાજરો | ૪૫૦ | ૬૦૧ |
| જુવાર | ૪૫૧ | ૭૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૩૪૧ | ૧૬૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૫ |
| શીંગ ગીરનાર | ૧૧૫૧ | ૧૩૦૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ઘઉ | ૪૫૦ | ૫૮૬ |
| મગ | ૧૦૫૦ | ૧૬૧૬ |

| | | |
|---|---|---|
| ચણા | ૮૦૧ | ૧૨૯૬ |
| અડદ | ૯૦૧ | ૧૬૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૧૧૬ |
| શિગફાડા | ૯૦૧ | ૧૧૫૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૫૧ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૨૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૪૮ | ૧૧૦૮ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૪૪ |
| બાજરી હાઇ | ૪૫૦ | ૬૦૪ |
| ઘઉં | ૫૫૦ | ૬૪૨ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૩૮૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૨૮ |
| જુવાર | ૬૦૦ | ૭૯૨ |
| અડદ | ૯૦૦ | ૧૬૨૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૬૭ |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૪૦ |
| મગ | ૧૦૫૦ | ૧૫૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૬૮ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૫૫ |
| બાજરો | ૬૦૦ | ૮૩૨ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૩૦ |
| જુવાર | ૭૦૦ | ૮૧૫ |
| મગ | ૧૩૨૬ | ૧૪૫૦ |
| મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૧૪૦૦ | ૨૦૨૯ |
| તુવેર | ૧૪૬૫ | ૧૫૪૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૪૩ | ૭૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૩ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૦૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૨૭ |
| જીરૂ | ૩૫૪૦ | ૩૭૩૫ |
| ધાણા | ૧૨૮૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૧૫૫ | ૧૧૫૫ |
| બાજરી | ૫૫૦ | ૫૫૦ |
| જુવાર | ૭૮૦ | ૮૧૪ |
| અડદ | ૧૩૨૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૨ |
| શીંગદાણા | ૧૦૬૫ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૭૫ |
| મગફળી | ૫૦૦ | ૧૦૦૯ |
| **મહુવા** | | |

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૨૪૪ |
| શીંગ ૩૨ | ૯૦૦ | ૧૦૪૫ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૧૧૫ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૧૫૭ |
| જુવાર | ૪૦૦ | ૭૬૭ |
| બાજરી | ૪૫૧ | ૬૨૨ |
| ઘઉ ટુકડા | ૫૪૧ | ૬૭૭ |
| અડદ | ૯૬૦ | ૧૮૭૮ |
| સોયાબીન | ૭૦૨ | ૮૦૫ |
| ચણા | ૧૦૫૧ | ૧૫૨૪ |
| તલ સફેદ | ૧૮૭૫ | ૨૪૯૦ |
| તલ પુરબીયા | ૪૪૪૦ | ૪૪૪૦ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૫૬૫ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૪૦૮ |
| નાળીયેર | ૭૫૧ | ૨૨૬૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૪૩૦ |
| મગફળી | ૭૫૦ | ૧૧૬૨ |
| ઘઉં | ૫૦૨ | ૫૫૬ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૨૧ |
| ચોળી | ૨૦૦૧ | ૨૦૦૧ |
| જીરૂ | ૧૦૦૦ | ૩૫૦૦ |
| એરંડા | ૮૪૦ | ૧૨૫ |
| સોયાબીન | ૭૪૧ | ૭૯૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૯૪ | ૧૪૬૦ |
| કપાસસીગ્રેડ | ૫૮૦ | ૫૮૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| જુવાર | ૭૦૦ | ૭૨૦ |
| બાજરો | ૪૪૫ | ૫૩૫ |
| ઘઉં | ૫૪૦ | ૬૫૦ |
| મગ | ૯૫૦ | ૧૩૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૪૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ચોળી | ૧૨૦૦ | ૨૭૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૬ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૨૫૬ |
| મગફળીજાડી | ૮૦૦ | ૧૧૧૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૦૪ |
| તલ | ૨૦૦ | ૨૩૯૦ |
| તલકાળા | ૩૦૦૦ | ૪૩૦૦ |
| લસણ | ૨૫૧૦ | ૪૪૦૦ |
| જીરૂ | ૨૮૨૫ | ૪૪૯૫ |
| અજમો | ૨૧૦૦ | ૪૧૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ડુંગળીસુકી | ૮૦ | ૪૫૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૯૬૦ |
| સોયાબીન | ૭૨૦ | ૮૧૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સા.કુંડલાનાં થોરડી ગામે ઘરફોડ ચોરીના ત્રણ ઈસમો ઝડપાયા

**પોલીસે સોના-ચાંદીના દાગીના સહિત રૂા.૨.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા.૨૩



સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે થોડા દિવસ પહેલા ઘરફોડ ચોરીની ઘટના બની હતી. જેમાં સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરવામાં આવી હતી. આ બાબતની સા.કુંડલા રૂરલમાં ફરિયાદ થતાં અમરેલી એલસીબી પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા જયસુખભાઈ કાળાભાઈ બરવાડીયાનાં મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તિજોરી ખોલી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરવામાં આવી હતી. જેથી પોલીસ પેટ્રોલીંગ દરમિયાન એલસીબીએ ત્રણ શંકાસ્પદ ઈસમોને ઝડપી પૂછપરછ કરતા ત્રણ ઈસમોએ થોરડી ગામે થયેલી ઘરફોડ ચોરી સહિત છ ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે ચોરી કરનાર અરજીયા રીમલીયા ભુરીયા, સુનીલ સોબત ભુરીયા અને રાજુ તેરસીંહ ભુરીયા મૂળ ગામ-મહુડી (મધ્યપ્રદેશ) હાલ. નવી આંબરડીવાળા પાસેથી સોના-ચાંદીના દાગીના, એન્ડ્રોઈડ ફોન અને મોટરસાયકલ મળી કુલ રૂા.૨.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજુલા સરકારી હોસ્પિટલમાં હડતાલનો અંત આવ્યો

રાજુલા,તા.૨૩



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરની સરકારી હોસ્પિટલમાં છેલ્લા ચાર દિવસથી વર્ગ-૩ અને વર્ગ -૪ના કર્મચારીઓની વિવિધ માંગ સાથે રાજુલા શહેરમાં હડતાલ ચાલી રહી હતી અને રાજુલા શહેરમાં વિવિધ જગ્યાએ આવેદનપત્રો આપવામાં આવેલ તેમજ અમરેલીના જિલ્લા કલેક્ટરને પણ આવેદનપત્ર પાઠવવામાં આવેલું અને ત્યારબાદ આ કર્મચારીઓ દ્વારા ઉગ્ર આંદોલન સહિતની ચીમકી ઉચ્ચારવામાં આવેલી ત્યારે સ્થાનિક અધિકારીઓ તેમજ અમરેલીના અધિકારીઓ દ્વારા આ કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરવામાં આવતા તેમને તાત્કાલિક રાજુલા બોલાવવામાં આવ્યા હતા. આ કંપનીના મુખ્ય ઓનર યોગેશ જોશી જે આજે રાજુલા આવતા સરકારી હોસ્પિટલમાં ત્રણ કલાક સુધી આ કર્મચારીઓ સાથે મિટિંગ યોજવામાં આવી હતી. આ મિટિંગમાં રાજુલા હોસ્પિટલના મુખ્ય અધિકારી અધિક્ષક હરેશ જેઠવા તેમજ આરએમઓ શક્તિરાજ ખુમાણ તેમજ રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ કોલાદરા તેમજ અમરેલીથી આવેલ લેબર કમિશનર મહાવીરસિંહ પરમાર, વકીલ અરવિંદભાઈ ખુમાણ તેમજ અન્ય વિવિધ આગેવાનો વિજયભાઈ વાઘ સહિતના લોકો આ મિટિંગમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને અંતે તમામ પ્રશ્નો હલ કરવાની ખાતરી મળતા સફાઈ કામદારો દ્વારા આ હડતાલનો અંત આવ્યો હતો.

# અમદાવાદમાં સીબીઆઈના અધિકારીની ઓળખ આપી યુવક સાથે ૨.૯૨ લાખની છેતરપિંડી

અમદાવાદ, તા.૨૩

અમદાવાદના નારણપુરામાં રહેતા એક યુવકને સીબીઆઈના અધિકારીની ઓળખ આપીને તેની સાથે રૂ.૨,૯૨,૪૪૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આ બનાવની વિગત મુજબ નારણપુરામાં મીરામ્બીકા સ્કૂલ પાસે બંસીધર એપાર્ટમેન્ટમાં રહેતા જૈનમ બિપીનભાઈ શાહ(૨૫) ને ૩૦.૧૧.૨૦૨૪ થી ૨.૧૨.૨૦૨૪ દરમિયાન કોઈ મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. આ શખ્સે ઈન્ટરનેટના માધ્યમથી વીડિયો કોલ કરીને જૈનમ શાહને ખોટા દસ્તાવેજો બતાવીને તેમજ સીબીઆઈના અધિકારીની ઓળખ આપી હતી. બાદમાં આ શખ્સે જૈનમ શાહને ગેરકાયદે પ્રવૃત્તિના ખોટા કેસમાં ફસાવી દેવાનું દબાણ કર્યું હતું. બાદમાં આ શખ્સે જૈનમ શાહના બેન્ક ખાતામાં રહેલા નાણાં તપાસના કામે સીઝ કરવાના છે, એમ કહ્યું હતું.

# ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝાએ ખોડલધામમાં મા ખોડલના દર્શન કર્યા

રાજકોટ,તા.૨૩



જાણીતા ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ આજે જેતપુર તાલુકાના કાગવડ ગામ પાસે આવેલા વિશ્વ પ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની મુલાકાતે પધાર્યા હતા. આ તકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીઓએ પૂજ્ય ભાઈશ્રીનું ભાવથી સ્વાગત કર્યું હતું. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ મા ખોડલના દિવ્ય દર્શન કર્યા હતા. આ તકે નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીઓએ પૂજ્ય ભાઈશ્રીને ખોડલધામનો ખેસ અને પુષ્પમાળા પહેરાવી મા ખોડલની પ્રતિમા અર્પણ કરીને તેમને શ્રી ખોડલધામ મંદિર પરિસરની મુલાકાત કરાવી હતી. સાથે જ ટ્રસ્ટ દ્વારા થઈ રહેલા સેવાકાર્યોની અને વિવિધ વિશ્વ રેકોર્ડ્સની માહિતી આપવામાં આવી હતી. આ તકે મંદિરમાં દર્શનાર્થીઓ માટે ઊભી કરાયેલી સુવિધા અને વ્યવસ્થા જોઈને પૂજ્ય ભાઈશ્રીએ મેનેજમેન્ટને બિરદાવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે, કાગવડમાં આપના દ્વારા મા ભગવતીને પ્રતિષ્ઠિત કર્યા છે.

# જામબરવાળા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ નેશનલ મેથ્સ કાર્નિવલમાં સિલ્વર મેડલ મેળવ્યો

અમરેલી, તા.૨૩



અમદાવાદની સાયન્સ સિટી ખાતે ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ દ્વારા નેશનલ મેથ્સ કાર્નિવલ અને કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામબરવાળા પ્રા. શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક ચિરાગભાઈ ડી. ગજેરાના માર્ગદર્શન હેઠળ ધોરણ-૮ની બાળાઓ ૧. ચૌહાણ તન્વી અને ૨. રાઠોડ આનંદીએ ઈનોવેટીવ મેથ્સ મોડલ પ્રેઝન્ટેશન વિભાગમાં ભાગ લીધો હતો અને તેમણે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નેશનલ લેવલે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ મેળવી તેમણે અમરેલી જિલ્લા, બાબરા તાલુકા અને જામબરવાળા ગામ અને શાળાનું ગૌરવ વધારેલ છે.

# દલખાણીયા પ્રા. શાળામાં રાજ્યકક્ષાની જુનિયર કબડ્ડી સ્પર્ધાનું આયોજન

અમરેલી, તા.૨૩



અમરેલી જિલ્લા કબડ્ડી એસોસિએશન અને દલખાણીયા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે દલખાણીયામાં ૫૦મી જુનિયર કબડી સ્પર્ધાનું ૨૧થી ૨૫ ડિસેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં લગભગ ૨૩ થી ૨૪ જિલ્લાના વિદ્યાર્થીઓ દલખાણીયા આવ્યા હતા. આ સ્પર્ધાને નિહાળવા માટે મોટી સંખ્યામાં ગ્રામ લોકો તથા અધિકારીઓ ઉમટી પડ્યા હતા. વિજેતા ટીમને ઉતરાખંડ રમવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ સ્પર્ધામાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, વસંતભાઈ મોવલીયા, જીતુભાઈ જોશી, અશ્વિનભાઈ કુંજડીયા, ઘનશ્યામભાઈ હીરપરા, પ્રાથમિક શાળાના આચાર્ય હેમલભાઈ સોલંકી સહિત તમામ લોકો હાજર રહ્યા હતા. આ તકે પત્રકાર બટુકભાઈ સોલંકી અને યોગેશભાઈ સોલંકીનું સન્માન કરાયું હતું.

# મોટા માંડવડા ગામેથી વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

અમરેલી, તા.૨૩



બગસરા નજીક આવેલ મોટા માંડવડા ગામે એક ઈસમ દારૂનો ધંધો કરતો હોવાની એલસીબી પોલીસને બાતમી મળતા પોલીસે બાતમીના આધારે મોટા માંડવડા ગામે રેઈડ કરતા રવિરાજ પ્રતાપભાઈ વાળા નામના ઈસમને ઝડપી પાડયો હતો.

જયારે જોરૂભાઈ ધાધલ રહે.કાગદડીવાળાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આરોપી પાસેથી ૧૮૦ એમએલની વિદેશી દારૂની ૧૫૧ નંગ બોટલ સહિત રૂા.૧૫૩૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે બરવાળા બાવીશી ખાતે પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત

અમરેલી, તા.૨૩



અમરેલી-વડીયા-કુંકાવાવનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આજે બરવાળા બાવીશી ખાતે અંદાજે રૂ. ૮૪ લાખનાં ખર્ચે તૈયાર થનાર શાળાનું ખાતમુહૂર્ત થયું હતું. આ પ્રસંગે વેકરીયાએ જણાવ્યું કે, શિક્ષણ ફક્ત વ્યક્તિગત કારકિર્દી માટે જ પૂરતું નથી, માનવ કલ્યાણ અને રાષ્ટ્રહિતનો ભાવ પણ તેમાં રહેલો હોય છે. આ પ્રાથમિક શાળામાં નવા કલાસરૂમ, મધ્યાહન ભોજન કક્ષ અને કંપાઉન્ડ વૉલ બનાવવામાં આવશે. વેકરીયાએ શાળાના ઓરડાઓનું કામ મજબૂત અને ગુણવત્તાયુક્ત થાય તે જોવા અધિકારીઓ અને ગ્રામજનોને અનુરોધ કર્યો હતો.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલમાંથી એકસાથે પાંચ શિક્ષકો ફાજલ થશે!

બગસરા તા.૨૩

બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં છેલ્લાં ઘણા સમયથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી હોવાથી એકસાથે પાંચ શિક્ષકોને ફાજલ કરવામાં આવશે તેવુ જાણવા મળ્યુ છે. જો કે વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી તો તેની અમરેલી શિક્ષણ વિભાગને દરખાસ્ત શા માટે કરવામાં ન આવી તે તપાસનો વિષય બનવા પામ્યો છે. બગસરા મેઘાણી હાઈસ્કૂલમાં સાયન્સ વિભાગમાંથી ૪ અને માધ્યમિક વિભાગમાંથી ૧ શિક્ષક ફાજલ થવાના હોવાથી આ શિક્ષકોને હવે અન્ય શાળામાં ફરજ બજાવવી પડે તેવી સ્થતિનું નિર્માણ થયુ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી જેથી આ બાબતે તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં દરખાસ્ત કરવાની હતી પરંતુ દરખાસ્ત કરવામાં ન આવતા આ બાબતે નોટીસ આપવામાં આવી હતી. જો કે ફાજલ શિક્ષકોને વાંધા સૂચન રજૂ કરવા માટે પાલિકા ખાતે હિયરીંગ કરવામાં આવ્યું હતું. જાણવા મળતી માહિતી મુજબ દરખાસ્ત મોડી કરવામાં આવતા શિક્ષણ વિભાગ સંચાલક મંડળ સામે રીકવરી પણ વસુલ કરી શકે છે. જે શિક્ષકો ફાજલ થવાના છે તેમાંથી અમુક શિક્ષકોને મેઘાણી હાઈસ્કૂલના અન્ય વિભાગમાં સમાવવા માટેનો તખ્તો ગોઠવવામાં આવી રહ્યો છે. જો કે જે શિક્ષકો ફાજલ થવાના છે તે શિક્ષકોનું હીયરીંગ શિક્ષણાધિકારી સમક્ષ થયા પછી કેટલા શિક્ષકો ફાજલ થશે તેની ખબર પડશે.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા //-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૧/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

અરજદારશ્રી:- ૧. નસિત નનુભાઈ ગોકુળભાઈ
રહે. મુ.સાકરપરા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**

**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **ભાવનાબેન નનુભાઇ નસિતનો જન્મ તા.૧૧/૦૧/૧૯૮૫** ના રોજ મુ.સાકરપરા-મીતીયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ - મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા //-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૩/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

અરજદારશ્રી:- ૧. નસિત નનુભાઈ ગોકુળભાઈ
રહે. મુ.સાકરપરા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**

**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **જયશ્રીબેન નનુભાઇ નસિતનો જન્મ તા.૨૬/૦૬/૧૯૮૧** ના રોજ મુ.સાકરપરા-મીતીયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ - મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૩/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

**અરજદારશ્રી:** ૧. નસિત નનુભાઈ ગોકુળભાઈ
રહે. મુ.સાકરપરા તા.સાવરકુંડલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ગૌરીબેન નનુભાઈ નસિતનો જન્મ તા.૨૯/૦૮/૧૯૭૮ ના રોજ મુ.સાકરપરા-મીતીયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા



**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૩/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

**અરજદારશ્રી:** ૧. નસિત નનુભાઈ ગોકુળભાઈ
રહે. મુ.સાકરપરા તા.સાવરકુંડલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી શોભનાબેન નનુભાઈ નસિતનો જન્મ તા.૨૭/૦૮/૧૯૮૬ ના રોજ મુ.સાકરપરા-મીતીયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા //-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૩/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

અરજદારશ્રી:- ૧. નસિત નનુભાઈ ગોકુળભાઈ
રહે. મુ.સાકરપરા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**

**જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **પારૂલબેન નનુભાઇ નસિતનો જન્મ તા.૧૫/૦૧/૧૯૯૧** ના રોજ મુ.સાકરપરા-મીતીયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ - મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



**CHANGE OF NAME**

I Undersign BHOJANI TAHERABANU ARIFALI have changed my name from BHOJANI TAHERABANU ARIF To BHOJANI TAHERABANU ARIFALI (New)
Now i will be known as
BHOJANI TAHERABANU ARIFALI (New)
Sigh : BHOJANI TAHERABANU ARIFALI
Address:JIVABAVA CHOWK, NR.MADINA MASJID
RAJULA, AMRELI. PIN-365560, GUJARAT, INDIA



**CHANGE OF NAME**

I Undersign BHOJANI ARIFALI MAHMDALI have changed my name from BHOJANI ARIF MAHMDALI To BHOJANI ARIFALI MAHMDALI (New)
Now i will be known as
BHOJANI ARIFALI MAHMDALI (New)
Sigh : BHOJANI ARIFALI MAHMDALI
Address:JIVABAVA CHOWK, NR.MADINA MASJID
RAJULA, AMRELI. PIN-365560, GUJARAT, INDIA

# રોજગાર મેળા હેઠળ ૭૧૦૦૦ યુવાનોને નિમણૂક પત્રો આપતા પીએમ મોદી

ન્યુ દિલ્હી,તા.૨૩

સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભરતી અભિયાન ‘રોજગાર મેળા’ હેઠળ લગભગ ૭૧,૦૦૦ યુવાનોને નિમણૂક પત્રો આપ્યા. આ પ્રસંગે નવનિયુક્ત કર્મચારીઓને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે, ‘ભારતના યુવાનોની ક્ષમતા અને પ્રતિભાનો ભરપૂર ઉપયોગ કરવો એ અમારી



સરકારની પ્રાથમિકતા છે. અમે રોજગાર મેળાઓ દ્વારા આ દિશામાં સતત કામ કરી રહ્યા છીએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષથી સરકારના વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓમાં સરકારી નોકરીઓ આપવાનું અભિયાન ચાલી રહ્યું છે. આજે પણ ૭૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા છે. છેલ્લા દોઢ વર્ષમાં સરકારે લગભગ ૧૦ લાખ યુવાનોને કાયમી સરકારી નોકરી આપી

**છેલ્લાં ૧૦ વર્ષથી સરકારના વિવિધ વિભાગોમાં નિમણૂકનું અભિયાન ચાલુ**

છે. ભારતના યુવાનો આજે નવા આત્મવિશ્વાસથી ભરેલા છે. તે દરેક ક્ષેત્રમાં પોતાનું નામ સ્થાપિત કરી રહ્યા છે.

# બ્રાઝિલમાં ચીમની સાથે વિમાન અથડાતા ૧૦ મુસાફરોના મોત

રિયો ગ્રાન્ડે ડુ સુલ,તા.૨૩

બ્રાઝિલમાં એક મોટો વિમાન અકસ્માત થયો હતો. આ અકસ્માત ગ્રામાડો સેરા ગૌચામાં થયો હતો. માહિતી અનુસાર એક ઘરની ચીમની સાથે અથડાયા બાદ એક નાનું વિમાન એક બિલ્ડિંગના બીજા માળે અથડાયું અને બાદમાં એક દુકાન પર પડ્યું. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. માહિતી



મુજબ દુર્ઘટનામાં ઘાયલ જમીન પરના ઘણા ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. રિયો ગ્રાન્ડે ડુ સુલ રાજ્યના ગવર્નર એડ્યુઆર્ડો લેઈટે ટ્વિટર પર લખ્યું કે ગ્રામાડો શહેરમાં વિમાન અકસ્માતમાં કોઈ મુસાફરનો જીવ બચી શક્યો નથી. આ વિમાનમાં ૯ મુસાફરોને લઈ જવાની ક્ષમતા હતી. રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યના જાહેર સુરક્ષા કાર્યાલયે માહિતી આપી છે કે ૧૫ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તેમાંથી મોટાભાગના અકસ્માતને કારણે આગ અને ધુમાડાથી પ્રભાવિત થયા છે. વિમાનમાં કેટલા લોકો સવાર હતા તે હજુ સ્પષ્ટ નથી.

# દીકરીના ઘરમાં લાંબા સમય સુધી રહેવુ એ ક્રુરતા : કોલકાતા હાઈકોર્ટ

કોલકાતા, તા.૨૩

દીકરીના પરિવારજનો અથવા મિત્રોએ લાંબા સમય સુધી સાસરિયામાં રહેવું એ પણ ક્રૂરતા છે. કલકત્તા હાઈકોર્ટે ૧૯ ડિસેમ્બરના રોજ આ આધાર પર એક વ્યક્તિને છૂટાછેડાની મંજૂરી આપી દીધી હતી. કોર્ટે ચુકાદો આપતા કહ્યું કે, પતિની મરજી વિરુદ્ધ પત્નીના મિત્રો અથવા પરિવારજનોનું લાંબા સમય સુધી તેમના ઘરમાં રહેવું ક્રૂરતા છે. ઘણી વખત આવા સંજોગોમાં જ્યારે



પત્ની પોતે પણ ઘરમાં હાજર ન હોય ત્યારે પરિવારજનોની હાજરીથી અરજદારના જીવન પર ઊંડી અસર પડી હશે. મહિલાના પતિએ લગ્નના ત્રણ વર્ષ બાદ જ ૨૦૦૮માં છૂટાછેડાની ફાઈલ કરી હતી. જે હાઈકોર્ટે મંજૂર કરી છે.

# દિલ્હીમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને પકડવા અભિયાન શરૂ, ૧૭૫ શંકાસ્પદ લોકોની કરાઈ ઓળખ

નવીદિલ્હી,તા.૨૩

દેશની રાજધાની દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓને પકડવા માટે પોલીસે અભિયાન શરૂ કર્યું છે. દિલ્હી પોલીસે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓ સામેની ચકાસણી અભિયાનમાં આવા ૧૭૫ શંકાસ્પદ લોકોની ઓળખ કરી છે. અધિકારીઓએ આ જાણકારી આપી છે. પોલીસે



શનિવારે સાંજે ૬ વાગ્યાથી બહારના દિલ્હી વિસ્તારમાં ૧૨ કલાકની વેરિફિકેશન ડ્રાઈવ હાથ ધરી હતી. આ અભિયાન અંગે દિલ્હી પોલીસના એક અધિકારીએ કહ્યું- “પોલીસે માન્ય દસ્તાવેજો વિના રહેતા લોકોને ઓળખવા અને અટકાયતમાં લેવાના તેમના પ્રયાસો તેજ કર્યા છે. આઉટર દિલ્હીમાં મોટાપાયે વેરિફિકેશન ડ્રાઈવ દરમિયાન ૧૭૫ લોકોની ઓળખ શંકાસ્પદ ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ તરીકે કરવામાં આવી છે. દિલ્હી પોલીસે ૧૧ ડિસેમ્બરથી રાજધાનીમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સની ઓળખ માટે અભિયાન શરૂ કર્યું હતું. આના એક દિવસ પહેલા ૧૦ ડિસેમ્બરે એલજી વી.કે. સક્સેનાના સચિવાલયે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો આદેશ જારી કર્યો હતો. ત્યારથી પોલીસે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓને પકડવાની ઝુંબેશ શરૂ કરી છે.

# સંભલ, કાશી બાદ બુલંદશહેરમાં ૫૦ વર્ષ જૂનું બંધ મંદિર મળી આવ્યું

બુલંદશહેર,તા.૨૩

સંભલ, કાશી અને અલીગઢ બાદ હવે યુપીના બુલંદશહેર જિલ્લામાં પણ ૫૦ વર્ષ જૂનું બંધ મંદિર મળી આવ્યું છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે હિન્દુ સંગઠનોએ પ્રશાસનને વિનંતી કરી છે. વિશ્વ હિન્દુ પરિષદના મેરઠ રાજ્યના અધિકારી સુનિલ સોલંકીએ જણાવ્યું કે, ‘આ વિસ્તારમાં રહેતા હિન્દુ પરિવારોએ સ્થળાંતર કરવાથી ખુર્જામાં સ્થિત આ મંદિર ૧૯૯૦થી બંધ છે. જિલ્લા વહીવટી તંત્રને મેમોરેન્ડમ આપવામાં આવ્યું છે. જેમાં પૂજા કરવા માટે મંદિરની સફાઈ અને બ્યુટિફિકેશન કરવા અનુરોધ કરાયો છે.’

તેમજ જાટવ વિકાસ મંચના પ્રમુખ કૈલાશ ભાગમલ ગૌતમે જણાવ્યું હતું કે, ‘મંદિર લગભગ ૫૦ વર્ષ જૂનું છે, જે મૂળ જાટવ સમુદાયના સભ્યો દ્વારા બનાવવામાં આવ્યું હતું.’

# પંચકુલામાં જન્મદિવસની પાર્ટી ઉજવવા આવેલા ત્રણ મિત્રોની ગોળી મારી હત્યા

(એચ.એસ.એલ),પંચકુલા,તા.૨૩

હરિયાણાના પંચકુલામાં એક રેસ્ટોરન્ટમાં મોડી રાત્રે શ્રેણીબદ્ધ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેણે સનસનાટી મચાવી દીધી હતી. રેસ્ટોરન્ટમાં અજાણ્યા ગુનેગારોએ ગોળીબાર કર્યો હતો, જેમાં એક યુવતી અને બે યુવકોનું મોત થયું હતું. આ ઘટના પંચકુલાના બુર્જાકોટિયા રોડ, મોર્ની રોડ પર સુલતાનત રેસ્ટોરન્ટમાં બની હતી, જેમાં એક યુવતી અને બે યુવકોને ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના રવિવારે મોડી રાત્રે લગભગ ૩ વાગ્યાની આસપાસ બની હતી. ત્રણેય મૃતકો દિલ્હીના રહેવાસી હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૦ વર્ષની યુવતી સાથે બે યુવકો જન્મદિવસની પાર્ટી મનાવવા માટે સુલતાનત રેસ્ટોરન્ટમાં



રોકાયા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ જુની અદાવતના કારણે ત્રણેયની હત્યા કરવામાં આવી છે. ત્રણેય મૃતકોની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની છે. ત્રણ યુવકો ઈટિયોસ કારમાં આવ્યા હતા અને રેસ્ટોરન્ટની બહાર પાર્ક કરેલી કાર પર ગુનેગારોએ ગોળીબાર કરી ત્રણેયની હત્યા કરી હતી અને ભાગી ગયા હતા. પોલીસ કંટ્રોલ રૂમને બપોરે ૩.૩૦ કલાકે ઘટના અંગેની માહિતી મળી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ત્રણેય મૃતદેહોને મોર્ચરમાં રાખ્યા હતા.

# ધો.૫ અને ધો.૮ નાપાસ થયેલ વિદ્યાર્થીઓને બે માસમાં ફરી પરીક્ષા આપવી પડશે

ન્યુ દિલ્હી,તા.૨૩

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે શિક્ષણ પોલિસીમાં મોટો ફેરફાર કર્યો છે. મંત્રાલયે ‘નો ડિટેન્શન પોલિસી’ ખતમ કરી દીધી છે. આ નિર્ણય મુજબ હવે ધોરણ-૫ અને ધોરણ-૮ના અસફળ થનારા વિદ્યાર્થીઓને નાપાસ કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓને પોતે જે ધોરણમાં હતા, તે ધોરણ પાસ કરવા માટે વધુ એક તક અપાશે. આ નવી પોલિસીનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં અને શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાનો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો લાવવાના આશયથી ‘નો ડિટેન્શન પોલિસી’ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પોલિસી અંગે ઘણા વર્ષોથી ચર્ચાઓ ચાલતી હતી, જોકે હવે



નવા નિયમ મુજબ ધોરણ-૫ અને ધોરણ-૮ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનારા વિદ્યાર્થીઓને ફેલ કરવામાં આવશે. ધોરણ-૫ અને ધોરણ-૮ માટેના નવા નિયમ મુજબ, નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનાની અંદર ફરી પરીક્ષા આપવાની તક અપાશે. આ પરીક્ષામાં પણ નાપાસ થશે તો તેમને આગામી ધોરણમાં પ્રમોટ કરવામાં નહીં આવે. આ સાથે સરકારે એવું પણ કહ્યું છે કે, ‘ધોરણ ૮ સુધી કોઈપણ વિદ્યાર્થીને શાળામાંથી કાઢી મૂકવામાં આવશે નહીં.’

# આરોપ વિના આરોપીને જેલમાં રાખવો એ કેસ વિના સજા આપવા સમાન : સુપ્રીમ

નવી દિલ્હી તા.૨૩

પાંચ વર્ષ કોઈ આરોપ વિના આરોપીને જેલમાં રાખવો એ કેસ વિના સજા આપવા સમાન છે, સુપ્રીમ કોર્ટે એક કેસમાં આ ટીપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટ અને મહારાષ્ટ્ર સરકારને એક એવી સિસ્ટમ વિકસીત કરવાનું કહ્યું છે કે જેથી એ નિશ્ચિત થઈ શકે કે આરોપીઓને દર તારીખે પ્રત્યક્ષ રીતે કે ડિજિટલી નીચલી અદાલતના ન્યાયાધીશ સમક્ષ રજૂ કરી શકાય જેથી સુનાવણી લાંબી ન ચાલે. કોર્ટે એક આરોપીને જામીન આપવાનો ઈન્કાર કરવાના બોમ્બે હાઈકોર્ટનાં આદેશને પડકારતી અપીલ પર વિચાર કરતાં કહ્યું હતું કે આ દુઃખદ સ્થિતિ છે.

ન્યાયમુર્તિ વી.આર. ગવઈ અને ન્યાયમુર્તિ કે.બી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે આ કોઈ એક કેસ નથી બલકે અનેક મામલામાં આવી મુશ્કેલી ઉભી થાય છે. કોર્ટે પોતાના આદેશમાં ઉલ્લેખ કર્યો હતો કે રેકોર્ડ પર રાખવામાં આવતી સામગ્રીથી ખબર પડે છે કે છેલ્લા ૬ વર્ષમાં ૧૦૨ તારીખોમાંથી મોટાભાગની તારીખો પર આરોપીને અદાલતનાં નહોતો રજૂ કરવામાં આવ્યો. આટલો વિલંબ પીડિતનાં હિતમાં નથી.

# ધર્મનું યોગ્ય અર્થઘટન કરી લોકો સુધી પહોંચાડો : મોહન ભાગવત

અમરાવતી,તા.૨૩

મહારાષ્ટ્રના અમરાવતી મહાનુભાવ આશ્રમ શતકપૂર્તિ સમારોહ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સમાજને ધર્મનું યોગ્ય અર્થઘટન કરી લોકો સુધી યોગ્ય રીતે પહોંચાડવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘ધર્મની ગેરસમજને કારણે દુનિયામાં અત્યાચારો થયા છે. ધર્મનું યોગ્ય અર્થઘટન કરતો સમાજ હોવો જરૂરી છે. ધર્મ ખૂબ જ મહત્ત્વપૂર્ણ



છે. આરએસએસના વડાએ જણાવ્યું હતું કે, ‘ધર્મના નામે, ધર્મ વિશેની ગેરસમજને કારણે દુનિયામાં અત્યાચાર થાય છે, તેથી જ સંપ્રદાયો માટે કામ કરવું અને તેમના ધર્મને સમજાવવું જરૂરી છે.’

# પુણેમાં દારૂના નશામાં ધૂત ડમ્પર ચાલકે ૯ને કચડ્યા : ૩ના મોત

પૂણે,તા.૨૩

પુણેમાં રવિવારે રાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ એક ડમ્પર ચાલકે ફૂટપાથ પર સૂઈ રહેલા ૯ લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ૩ લોકોનાં મોત થયા છે અને ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકોમાં બે બાળકો પણ સામેલ છે. તેમાંથી એક ૧ વર્ષનો અને બીજો ૨ વર્ષનો છે. વાઘોલીના કેસનંદ ફાટા વિસ્તારમાં આ અકસ્માત થયો હતો. ડમ્પરનો ડ્રાઈવર નશામાં



હતો. તેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે ફૂટપાથ પર લગભગ ૧૨ લોકો સૂતા હતા. આ તમામ લોકો મજૂર હતા અને કામ માટે પુણેથી અમરાવતી જઈ રહ્યા હતા. આ મજૂરોના કેટલાક મિત્રો નજીકના ઝૂંપડામાં સૂતા હતા. તેમણે કહ્યું, “ પૂરપાટ ઝડપે જઈ રહેલું ડમ્પર ફૂટપાથ પર ચડી ગયું અને ત્યાં સૂતેલા લોકોને કચડી નાખ્યા હતા.” ચીસો સાંભળી અમે બહાર આવ્યા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવાયા હતા અને પોલીસને જાણ કરી હતી. બે દિવસ પહેલાં મુંબઈમાં ફૂટપાથ પર રમતા ૪ વર્ષના બાળકને SUV કાર ચાલકે કચડી નાખ્યો હતો. તેના પિતા પણ મજૂરી કામ કરે છે.

# બાંગ્લાદેશ સરકારના વડા મોહમ્મદ યુનુસની પાકિસ્તાનના ખોળામાં બેસવાની તૈયારી

ઢાકા,તા.૨૩

શેખ હસીનાની સરકારના પતન બાદ હવે બાંગ્લાદેશ એ ઘાને ભૂલી જવાની તૈયારી કરી રહ્યું છે જે તેને પાકિસ્તાન આર્મી દ્વારા આપવામાં આવ્યા હતા. ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન પાકિસ્તાની સેનાએ લાખો બાંગ્લાદેશીઓ પર અત્યાચાર ગુજાર્યો હતો અને તેમની હત્યા કરી હતી. પરંતુ, હવે બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ આ બધું ભૂલીને ધીમે ધીમે પાકિસ્તાનના ખોળામાં બેસવાની તૈયારી કરી રહ્યા છે. બાંગ્લાદેશમાં શેખ હસીના તખ્તાપલટ બાદ પાકિસ્તાનને ફાયદાનો રસ્તો દેખાઈ રહ્યો છે. કારણ કે, સંબંધોને વધુ મજબૂત કરવાના પ્રયાસમાં બાંગ્લાદેશનો ઝુકાવ પાકિસ્તાન તરફ જોવા મળી રહ્યો છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ૧૯ ડિસેમ્બરે ઈજિપ્તના કૈરોમાં આયોજિત D-૮ સમિટ દરમિયાન



પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી હતી. ડી-૮ ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશન, જેને વ્યાપકપણે ડેવલપિંગ-૮ તરીકે ઓળખવામાં આવે છે. તેના સભ્ય દેશોમાં બાંગ્લાદેશ, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, ઈરાન, મલેશિયા, નાઈજીરીયા, પાકિસ્તાન અને તુર્કી છે. આ દેશો વચ્ચે વિકાસ સહયોગને પ્રોત્સાહન આપવા માટેનું એક સંગઠન છે. ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અઝરબૈજાનને ૯મા સભ્ય તરીકે જોડવામાં આવ્યું છે. આ સંગઠન વિવિધ અર્થતંત્રો વચ્ચે સહકાર વધારવા અને પરસ્પર વિકાસને પ્રોત્સાહન આપવા માટે છે.

# પનામા કેનાલને અમેરિકા નિયંત્રણમાં લેશે તેવી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ધમકી આપી

**એકપણ ઈંચ જમીન આપવામાં આવશે નહી : પનામાના રાષ્ટ્રપતિ**

વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે પનામા કેનાલને ફરીથી અમેરિકન નિયંત્રણ હેઠળ લેવાની ધમકી આપી હતી. આ નહેર કેરેબિયન દેશ પનામાનો ભાગ છે. ૧૯૯૯ સુધી આ નહેર પર અમેરિકાનું નિયંત્રણ હતું. ટ્રમ્પે કહ્યું કે, આ નહેરનો ઉપયોગ કરવા માટે પનામા અમેરિકા કરતાં વધુ ચાર્જ લઈ રહ્યું છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચીન નહેર પર પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. અમેરિકી રાજ્ય એરિઝોનામાં સમર્થકોની એક રેલીને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, તેઓ નહેરને ખોટા હાથમાં જવા દેશે નહીં. પનામાનિયાના



રાષ્ટ્રપતિ જોસ રાઉલ મુલિનોએ ટ્રમ્પને તેમની ધમકી પર સખત ઠપકો આપ્યો છે. મુલિનોએ રવિવારે એક રેકોર્ડેડ સંદેશમાં કહ્યું હતું કે, પનામાની સ્વતંત્રતા સાથે સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે ટ્રમ્પના આરોપોને ફગાવી દીધા અને નહેર પર ચીનના પ્રભાવને નકારી કાઢ્યો હતો. મુલિનોએ વધુમાં જણાવ્યું હતું કે, પનામા કેનાલ અને તેની આસપાસની દરેક ઈંચ જમીન પનામાની છે અને ભવિષ્યમાં પણ તે પનામાની જ રહેશે. મુલિનોના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ટ્રમ્પે કહ્યું કે અમે આ વિશે આગળ વિચારીશું.

**આ પ્રોજેક્ટ નીચે ૪૨ સેવાઓ કાર્યરત કરવામાં આવશે**

# ગુજરાતની ૧૫૯ નગરપાલિકા અને ૮ મ્યુનિ.કોર્પોરેશનનો ઈ-નગરમાં સમાવેશ

ગાંધીનગર,તા.૨૩

ટેક્નોલોજીના યુગમાં લોકો હવે ડિજિટલ મોડ્યુલ અપનાવી રહ્યાં છે. આ દરમિયાન સરકાર લોકોને ઓનલાઈન સેવા પૂરી પાડવા માટે કાર્યરત છે. તેવામાં ગુજરાતમાં ઈ-ગવર્નન્સ અને ડિજિટલ સેવામાં વધુ એક ડિજિટલ યોજના એટલે **'eNagar'** શરૂ કરાઈ છે. જેમાં રાજ્યની ૧૫૯ નગરપાલિકા અને ૮ મ્યુનિસિપલ કોર્પોરેશનનો **'eNagar'** પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો છે. આ પ્રોજેક્ટ હેઠળ લોકોને વિવિધ પ્રકારની ૪૨ સેવાઓ અને ૦૯ મોડ્યુલ્સ ઓનલાઈન મળી રહેશે. રાજ્યના શહેરોમાં વસતા લોકોના ભાગદોડભર્યા જીવનમાં ઝડપી સેવાઓ આપતા કેન્દ્રિય ડિજિટલ **'eNagar'** પ્લેટફોર્મમાં મુખ્યત્વે ૦૯ મોડ્યુલ્સ અને ૪૨ જેટલી સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં નાગરિકોને ઓનલાઈન મેરેજ રજીસ્ટ્રેશન, પ્રોપર્ટી ટેક્સ, બિલ્ડિંગ પરમિશન, હોલ બુકિંગ, પ્રોફેશનલ ટેક્સ, એસ્ટેટ મેનેજમેન્ટ, પાણી અને ગટરની સેવાઓ, લાયસન્સ, ફરિયાદો વગેરે વિવિધ સેવાનો સમાવેશ થાય છે. ઓનલાઈન પ્લેટફોર્મ થકી નાગરિકોને સરળ, સમય અને નાણાની બચત, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા મળી રહે છે.

**કાર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા**

# સા.કુંડલાનાં ચરખડીયા ગામ પાસે કાર પુલ નીચે ખાબકી : ચાલકનું મોત



અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં ફરી એકવાર અકસ્માત સર્જાયો છે. જેમાં સા.કુંડલા નજીક ચરખડીયા ગામ પાસે આવેલી નદીનાં પુલ ઉપરથી કાર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પુલ નીચે ખાબકી હતી. જેમાં કાર ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જેમાં કારમાં બેઠેલા બે વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. સા.કુંડલાનાં ચરખડીયા ગામ પાસે નદીના પુલ ઉપરથી કાર રેલીંગ તોડી નીચે ખાબકી હતી. જેમાં કાર ચાલક રસીકભાઈ સોલંકી, રહે. હુડલીવાળાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જયારે અમરેલી પરીક્ષા આપવા જઈ રહેલા સુમિત પરમાર રહે. સાવરકુંડલા અને દક્ષિત રાઠોડ, રહે.કેરાળાવાળાને સામાન્ય ઈજા થતાં તાત્કાલિક ૧૦૮ મારફતે બન્ને વિદ્યાર્થીઓને સા.કુંડલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# કચ્છના સરહદી વિસ્તારમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો



ભુજ,તા.૨૩

કચ્છ સાથે અડીને આવેલા પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં પણ સમયાંતરે ભૂકંપના આંચકા અલગ અલગ સ્થળે આવતા હોય છે. આજે સવારે ૧૦.૪૪ વાગ્યાના અરસામાં કચ્છની સામે પાર પાકિસ્તાનના પંજાબ ચોકના સાહબદીન મીઠી વિસ્તારમાં કેન્દ્રબિંદુ ધરાવતો ભૂકંપનો આંચકો ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી ખાતે નોંધાયો હતો. ૩.૭ની તીવ્રતા ધરાવતા આંચકાની અસર કચ્છના સરહદી વિસ્તાર સુધી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. અલબત્ત લખપતથી ૭૬ કિલોમીટર દૂર નોંધાયેલા આંચકાથી સ્થાનિક કોઈ નુકસાની થઈ નથી. આ દરમિયાન ગુજરાતમાં આખરે શિયાળો ધીમે-ધીમે જમાવટ કરવા લાગ્યો છે. ગત રાત્રિના નલિયામાં ૧૦.૮ ડિગ્રી સાથે સિઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું હતું.

# ભરૂચમાં દુષ્કર્મનો ભોગ બનેલી ૧૦ વર્ષીય બાળકી જિંદગીનો જંગ હારી

**બે કાર્ડિયાક એરેસ્ટ આવ્યા બાદ બાળકીએ દમ તોડયો**

ભરૂચ,તા.૨૩

ગત તા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષીય બાળકી પર થયેલી દુષ્કર્મની ઘટનાએ દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી હતી. આ બાળકીનું વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૧૮૦ કલાક બાદ મોત થઈ ગયું છે. બાળકી સાથે ખૂબ બર્બરતા પૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. બાળકી સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ICUમાં દાખલ હતી. બપોરે ૨ વાગે બાળકીને કાર્ડિયાક એરેસ્ટ આવ્યો હતો. ત્યાર બાદ સાંજે ૫.૧૫ વાગે બાળકીને ફરીથી કાર્ડિયાક એરેસ્ટ આવ્યો. પરિણામે બાળકીએ ૬.૧૫ વાગે દમ તોડી દીધો હતો. ગુજરાતની નિર્ભયા ૮ દિવસ સુધી સતત મરતી રહી હતી.

# અંબાજીથી દર્શન કરીને પરત ફરતી ત્રણ ખાનગી બસ પર પથ્થરમારો



અંબાજી,તા.૨૩

અંબાજીથી દર્શન કરીને મહેસાણા પરત ફરી રહેલી ત્રણ ખાનગી બસ પર પાનસા નજીક પથ્થરમારો થયો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં કોઈ યાત્રિકોને જાનહાનિ પહોંચી નહોતી, પરંતુ પથ્થરમારો થતા બસના કાચ તૂટી ગયા હતા. સમગ્ર ઘટના મામલે પોલીસે પથ્થરમારો કરનારા શખ્સોને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, અંબાજીથી મહેસાણા જતી ખાનગી બસ પર પથ્થરમારો કરાયો હતો. અંબાજીથી દર્શન કરીને પરત જતી ત્રણ ખાનગી બસ પર પાનસા નજીક પથ્થરમારો થતાં બસના કાચ તૂટી ગયા હતા. જો કે, સમગ્ર ઘટનામાં સદનસીબે કોઈ માઈભક્તોને ઈજા પહોંચી ન હતી. સમગ્ર ઘટના મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જ્યારે ઘટના બાદ પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને દર્શનાર્થીઓની બસ પર કોણે પથ્થરમારો કર્યો તેને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં બાબા સાહેબની પ્રતિમા ખંડીત, રહીશોના રોડ પર ધરણા



અમદાવાદ,તા.૨૩

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા સંસદમાં ડો.બાબા સાહેબ આંબેડકરને લઈને આપવામાં આવેલા નિવેદનને લઈને ચાલતા વિરોધ વચ્ચે અમદાવાદના ખોખરા વિસ્તારમાં બાબાસાહેબ આંબેડકરની મૂર્તિ ખંડિત થઈ છે. ખોખરામાં કે.કા શાસ્ત્રી કોલેજ સામે જયંતિ વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબ આંબેડરની પ્રતિમાના નાકને અસામાજિક તત્વોએ તોડી નાખતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. વહેલી સવારે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા ખોખરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મોટી સંખ્યામાં લોકોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યાં હતા. મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં એક તરફનો રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. સ્થાનિક લોકોની માગ છે કે, જ્યાં સુધી બાબા સાહેબની પ્રતિમાને નુકસાન પહોંચાડનાર આરોપીની ધરપકડ નહિ થાય ત્યાં સુધી રસ્તા પરથી નહિ હટીએ.

# કાર્ડિયોલોજી સેવાઓ માટે ફુલટાઈમ કામ કરતા સેન્ટરોને PMJAY યોજનાની માન્યતા આપવાનો નિર્ણય



અમદાવાદ,તા.૨૩

ખ્યાતિકાંડમાં PMJAY યોજનાના કૌભાંડ બાદ સરકાર ઓચિંતિ જાગી છે અને PMJAY યોજનાને લઈ સરકાર દ્વારા નવી SOP જાહેર કરવામાં આવી છે. જેમાં હવે કાર્ડિયોલોજી સેવાઓ માટે ફૂલટાઈમ કામ કરતા સેન્ટરોને જ માન્યતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની નવી SOPમાં અલગ અલગ સારવાર માટેની અલગ અલગ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડની ઘટના બાદ રાજ્ય સરકારે PMJAY યોજનાને લઈ નવી SOP જાહેર કરી છે. જેમાં કાર્ડિયોલોજીની સેવાઓ માટે કાર્ડિયોલોજીસ્ટ તથા કાર્ડિયોથોરેસિક સર્જન સાથે ફુલટાઈમ કામ કરતા હોય તેવા સેન્ટરોને જ માન્યતા પ્રાપ્ત ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટીની જે દર્દીની સારવાર કરવામાં આવી હોય તેના પરિવારજનોને ઉપરાંત આરોગ્ય વિભાગને પણ પુરાવા રૂપે સીડી આપવાની રહેશેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.




# સુરેન્દ્રનગરના ફાર્મ હાઉસમાં એસ.એમ.સી.નો દરોડો, દારૂ સહિત ૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરેન્દ્રનગર, તા.૨૩

સુરેન્દ્રનગરમાં સ્ટેટ મોનીટરિંગ સેલના અધિકારીઓએ દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે. એસએમસીની ટીમને માહિતી મળી હતી કે ચોટીલાના નવાગામના કમલેશભાઈ ભીમજીભાઈ ઢોલાના ફાર્મમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. આ માહિતીને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે રૂ.૩૧,૦૨,૨૪૩ ની કિંમતની વિદેશી દારૂની ૫૪૩૩ બોટલો કબજે કરી હતી. તે સિવાય ૩ વાહનો પણ કબજે કર્યા હતા. આમ પોલીસે દારૂનો જથ્થો અને વાહનો મળીને કુલ રૂ. ૬૬,૦૯,૨૪૩ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ કેસમાં ચોટીલાના નવાગામના રહેવાસી વિજય એમ. ચૌહાણની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ મંગાવનાર અને કટીંગ કરનારા શખ્સ ઉપરાંત વાહનોના માલિકો અને દારૂનો જથ્થો મોકલનારા શખ્સો મળીને કુલ ૧૦ આરોપીઓ સામે ગુનો નોંધીને તેમની શોધ હાથ ધરી છે.

# ઘોઘા નજીક ડમ્પરે ટક્કર મારતા બે નેપાળી યુવકોના કરૂણ મોત



ભાવનગર,તા.૨૩

ઘોઘા તાલુકાના કોળિયાક ગામે સદગુરુ રેસ્ટોરન્ટ ધરાવતા મૂળજી ગોવિંદ જેઠવા નામના ઈસમના રેસ્ટોરન્ટમાં નેપાળના ગુરાસગૉંવ પાલિકા શેરી તા.તીન જિ.દૈલેખ નેપાળ તથા દુન્ગેશ્વર ગૉંવ-પાલિકા તા.દુન્ગેશ્વર જિ.દૈલેખ નેપાળના વતની અને હાલ કોળિયાક ગામે સદગુરૂ રેસ્ટોરન્ટમાં રહેતા સન્ત બહાદુર લોકવિર કામી ઉ.વ.૨૫ તથા મહેન્દ્ર ધનબહાદુર દમાઈ ઉ.વ.૨૪ વેઈટર તથા અન્ય મજૂરી કામ કરી જીવન નિર્વાહ ચલાવતા હતા, જેમાં સંતુ આજથી ૨૦ દિવસ પહેલા જ નેપાળથી મજૂરી કામ માટે અહીં આવ્યો હતો જ્યારે મહેન્દ્ર બે મહિના પહેલા વેઈટર તરીકે મજૂરી કરવા કોળિયાક આવ્યો હતો. બંને મિત્રો રેસ્ટોરન્ટ માલિક મૂળજી ગોવિંદ જેઠવાની માલિકીનું બાઈક લઈને પાનમાવો ખાવા નીકળ્યા હતા. આ બંને યુવાનો હાથબ ગામે રાતાનાળા પાસે પહોંચતા બાઈક પાછળ આવી રહેલ રેતી ભરેલ ડમ્પરના ચાલકે ડમ્પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક ચલાવી બાઈક સવાર યુવાનોને અડફેટે લેતા આ યુવાનો ડમ્પરના વ્હીલ તળે આવી જતા બંનેનું ટાયરના જોટામાં કચડાઈ જતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું હતું.આ અકસ્માત સર્જીને ડમ્પર ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો.







